ગુજરાતની સહકારી પ્રવૃત્તિનું મુખપત્ર

# સહકાર

International Year of Cooperatives 2025

દર મહિનાની પાંચમી અને વીસમીએ પ્રગટ થતું પાક્ષિક

ગુજરાત રાજ્ય સહકારી સંઘ, 'સહયોગ' રિલીફ રોડ, અમદાવાદ-380 001 • Fax No. (079) 25351360 • Phone : 25352220 • Email : sahakarguj1850@gmail.com

Accredited by NABARD, C-PEC (BIRD), Lucknow as Centre for Professional Excellence in Cooperatives.

સંપાદક મંડળ : ઘનશ્યામભાઈ એચ. અમીન ■ ભીખાભાઈ ઝ. પટેલ ■ તંત્રી : ડો. રાજેન્દ્ર સી. ત્રિવેદી ■ વર્ષ : 73 ■ અંક : 12 ■ તારીખ : 20, સપ્ટેમ્બર, 2025 ■ વાર્ષિક લવાજમ રૂપિયા 80.00 ■ કિંમત રૂા. 3.00

SAHAKAR GUJARATI FORT-NIGHTLY RNI NO. 1850/57 Regd under postal Regn. No. GAMC-105/2024-2026 valid upto 31-12-2026 issued by the SSPO's, Ahmedabad city on permitted to post at and AHMD PSO on 5th and 20th of every month. License to post without prepayment of postage No. PMG/NG/026/2024-2026 valid upto 31-12-2026.

### પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ બિહાર રાજ્ય જીવિકા નિધિ ક્રેડિટ કો-ઓપરેટિવ યુનિયન લિમિટેડનું ઉદ્ઘાટન કર્યું

## સશક્ત મહિલાઓ વિકસિત ભારતનો પાયો છે, દેશમાં મહિલાઓનું સશક્તીકરણ આપણી સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે : શ્રી નરેન્દ્રભાઈ મોદી

બિહાર : પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ 2 સપ્ટેમ્બર, 2025 ના રોજ બિહાર રાજ્ય જીવિકા નિધિ ક્રેડિટ કો-ઓપરેટિવ યુનિયન લિમિટેડનું વર્ચ્યુઅલ ઉદ્ઘાટન કર્યું હતું. આ પહેલને બિહારની ગ્રામીણ મહિલાઓને સસ્તું, ડિજિટલી સક્ષમ ધિરાણ સુવિધા પૂરી પાડવાની દિશામાં એક ઐતિહાસિક પગલું ગણાવી 105 કરોડ રૂા.ની પ્રારંભિક મૂડી ટ્રાન્સફર કરી હતી. અને લાખો જીવિકા દીદીને વર્ચ્યુઅલ સંબોધન કરતાં જણાવ્યું હતું કે, જીવિકા નિધિ ક્રેડિટ કો-ઓપરેટિવ યુનિયન દ્વારા બિહારમાં માતાઓ અને બહેનોને એક નવી સુવિધા પૂરી પાડવામાં આવી રહી છે. આ પહેલથી ગામડાઓમાં જીવિકા સાથે જોડાયેલી મહિલાઓને સરળ નાણાકીય સહાય મળશે, જે તેમના કામ અને વ્યવસાયને આગળ વધારવામાં મદદરૂપ થશે.

શ્રી મોદીએ જીવિકા નિધિ સિસ્ટમ સંપૂર્ણપણે ડિજિટલ હોવાનો આનંદ વ્યક્ત કર્યો હતો. અને બિહારની માતાઓ અને બહેનોને અભિનંદન આપ્યા અને આ નોંધપાત્ર પહેલ માટે શ્રી નીતિશ કુમાર અને બિહાર સરકારની પ્રશંસા કરી.

શ્રી મોદીએ કહ્યું કે સશક્ત મહિલાઓ વિકસિત ભારતનો મુખ્ય આધાર છે. મહિલા સશક્તીકરણ માટે તેમના જીવનમાં મુશ્કેલીઓ ઓછી કરવી જરૂરી છે. સરકાર માતાઓ, બહેનો અને પુત્રીઓના જીવનને સરળ બનાવવા માટે અનેક પહેલ કરી રહી છે. પ્રધાનમંત્રીએ માહિતી આપી કે મહિલાઓને ખુલ્લામાં શૌચ કરવાની મજબૂરીમાંથી મુક્ત કરવા માટે કરોડો શૌચાલય બનાવવામાં આવ્યા છે. પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ કરોડો કોંક્રિટ ઘરો બનાવવામાં આવ્યા છે, અને આ ઘરો મહિલાઓના નામે નોંધાયેલા છે તેની ખાસ કાળજી લેવામાં આવી છે. જ્યારે કોઈ મહિલા ગૃહિણી બને છે, ત્યારે તેના શબ્દોનું મહત્વ પણ વધી જાય છે.

શ્રી મોદીએ સ્વચ્છ પીવાના પાણીની સમસ્યાને ઉકેલવા માટે સરકારની 'હર ઘર જલ' પહેલનો ઉલ્લેખ કરી જણાવ્યું હતું કે, માતાઓ અને બહેનોને આરોગ્ય સંભાળ મેળવવામાં આવતી મુશ્કેલીઓને દૂર કરવા માટે આયુષ્માન ભારત યોજના શરૂ કરવામાં આવી છે, જેના હેઠળ 5 લાખ રૂપિયા સુધીની મફત





સારવાર પૂરી પાડવામાં આવી રહી છે. ઉપરાંત કેન્દ્ર સરકારની મફત રાશન યોજના પણ અમલમાં છે, જેનાથી દરેક માતાને તેના બાળકોને ખવડાવવાની ચિંતામાંથી મુક્તિ મળી છે. મહિલાઓની આવક વધારવા માટે, તેમણે લખપતિ દીદી, ડ્રોન દીદી અને બેંક સખી જેવી પહેલોનો ઉલ્લેખ કર્યો, જે દેશભરમાં મહિલાઓને સશક્તીકરણ કરી રહી છે. તેમણે આ યોજનાઓને માતાઓ અને બહેનોની સેવા માટે સમર્પિત એક મહા અભિયાનના ભાગ રૂપે વર્ણવી.

આગામી મહિનાઓમાં તેમની સરકાર બિહારમાં આ મિશનને વધુ વેગ આપશે તેવી ખાતરી આપી પ્રધાનમંત્રીશ્રીએ કહ્યું કે બિહાર એક એવી ભૂમિ છે જ્યાં માતૃશક્તિ અને માતાઓ પ્રત્યેનો આદર હંમેશા સર્વોપરી રહ્યો છે. ગંગા મૈયા, કોસી મૈયા, ગંડકી મૈયા અને પુનપુન મૈયા જેવી દેવીઓની પૂજા ઊંડી શ્રદ્ધાથી કરવામાં આવે છે. મા જાનકી બિહારની પુત્રી હતી, જે આ ભૂમિની સાંસ્કૃતિક પરંપરાઓમાં ઉછરી હતી અને સમગ્ર વિશ્વમાં સીતા માતા તરીકે પૂજાય છે. છઠી મૈયાની પૂજા બધા માટે આશીર્વાદરૂપ માનવામાં આવે છે. શ્રી મોદીએ કહ્યું કે નવરાત્રીનો પવિત્ર તહેવાર નજીક આવી રહ્યો છે, જેમાં દેશભરમાં મા દુર્ગાના નવ સ્વરૂપોની પૂજા કરવામાં આવે છે અને સતવાહિની પૂજા પણ બિહાર અને પૂર્વાંચલ પ્રદેશની એક પરંપરા છે, જે પેઢીઓથી ચાલી આવી રહી છે, જેમાં સાત બહેનોને દિવ્ય માતા તરીકે પૂજવામાં આવે છે.

બિહારની સમૃદ્ધ સાંસ્કૃતિક પરંપરાનો અને સ્થાનિક કવિની પંક્તિઓ ટાંકીને પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે, માતા પ્રત્યે ઊંડી શ્રદ્ધા અને ભક્તિ બિહારની એક અનોખી ઓળખ છે. કોઈ પણ વ્યક્તિ, ગમે તેટલી પ્રિય હોય, ક્યારેય માતાનું સ્થાન લઈ શકતી નથી. માતાઓનું ગૌરવ, સન્માન અને ગૌરવ તેમની સરકાર માટે સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને માતાઓ આપણા વિશ્વનો સાર અને આત્મસન્માનનું પ્રતીક છે. માતાએ ક્યારેય પોતાના માટે નવી સાડી ખરીદી નથી અને પોતાના બાળકો માટે કપડાં ખરીદવા પૈસો બચાવ્યો છે. એક ગરીબ માતા પણ જીવનભર બલિદાન આપે છે અને પોતાના બાળકોને શિક્ષણ અને સારા મૂલ્યો આપે છે.

પ્રધાનમંત્રી શ્રી મોદીએ પુનરોચ્ચાર કર્યો કે દેશમાં મહિલાઓનું સશક્તીકરણ

અનુસંધાન પાના નંબર : 2

### અમદાવાદ મુકામે ગુજરાત સ્ટેટ કો-ઓપ.ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશન લિ.ની 29મી વાર્ષિક સાધારણ સભા તથા નીડ ઓફ પ્રોફેશનલ મેનેજમેન્ટ ઈન કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ પ્રોગ્રામ યોજાયો

## ક્રેડિટ સોસાયટીઓએ નાના અને મધ્યમ વર્ગને આર્થિક રીતે મદદરૂપ થઈ આત્મનિર્ભર બનાવવાનો છે – શ્રી ઘનશ્યામભાઈ અમીન

અમદાવાદ : ધી ગુજરાત સ્ટેટ કો-ઓપ.ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશન લિ.અમદાવાદની 29મી વાર્ષિક સાધારણ સભા તથા નીડ ઓફ પ્રોફેશનલ મેનેજમેન્ટ ઈન કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ પ્રોગ્રામ ફેડરેશનના ચેરમેનશ્રી ઘનશ્યામભાઈ એચ.અમીનના અધ્યક્ષસ્થાને તા.31/08/2025ના રોજ સહયોગ, અમદાવાદ મુકામે યોજાયા હતા.

પ્રમુખસ્થાનેથી ફેડરેશનની 29મી વાર્ષિક સાધારણ સભામાં ફેડરેશનના ચેરમેનશ્રી ઘનશ્યામભાઈ અમીને જણાવ્યું હતું કે, સહકારી પ્રવૃત્તિ વિશ્વના 120 કરતાં વધુ દેશોમાં ચાલી રહી છે અને નાના તથા મધ્યમ વર્ગના આર્થિક ઉપાર્જનમાં શ્રેષ્ઠ સાધન તરીકે પૂરવાર થઈ છે. વિશ્વના બધા દેશોના બનેલા સંગઠન સંયુક્ત રાષ્ટ્ર સંઘ (યુનો)એ વિશ્વમાં વિવિધ દેશના ટકાઉ આર્થિક વિકાસમાં સહકારી મોડેલના મહત્વને સ્વીકાર્યું છે. પુનઃ 2025ના વર્ષને આંતરરાષ્ટ્રિય સહકારી વર્ષ તરીકે જાહેર કર્યું છે. જે સહકારિતાના મહત્વને ઉજાગર કરે છે. અગાઉ 2012ના વર્ષને સહકારિતા વર્ષ તરીકે ઉજવવાનું યુનોએ જાહેર કર્યું હતું. 13 વર્ષના ટૂંકાગાળામાં જ યુનો પુનઃ 2025ના વર્ષને 'કૉ-ઓપરેટિવ્સ બિલ્ડ ધ બેટર વર્લ્ડ' વિષય વસ્તુ નક્કી કરીને આંતરરાષ્ટ્રિય સહકારી વર્ષ તરીકે ઉજવી રહ્યું છે. તેની શરૂઆત 25, નવેમ્બર - 2024ના રોજ ન્યૂ દિલ્હીમાં ભારતીય મંડપમમાં દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે આંતરરાષ્ટ્રિય સહકારી સંઘ (આઈસીએ)ની ગ્લોબલ કોન્ફરન્સથી





કરવામાં આવ્યો હતો. હવે આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષે સહકારી પ્રવૃત્તિનો બહોળો પ્રચાર-પ્રસાર થાય અને છેવાડાના લોકો સુધી તેનો મહત્તમ લાભ મળે તે જોવાની આપણી ફરજ છે. મંડળીઓની સભા કે કાર્યક્રમોમાં આ બાબતે લોકજાગૃત્તિ લાવી લોકોને સહકાર અને તેના લાભોની પ્રતિતિ કરાવવી જોઈએ. આંતરરાષ્ટ્રિય સહકારી વર્ષ 2025માં ક્રેડિટ સોસાયટીઓએ આવા કાર્યક્રમો યોજવાની હું સૌને અપીલ કરૂ છું. વધુને વધુ મહિલા અને યુવાનો સહકારી પ્રવૃત્તિ સાથે જોડાય અને તેનો લાભ લઈ આત્મનિર્ભર બને તે ખૂબ જરૂરી છે.

સહકારના સાંપ્રત પ્રવાહની માહિતિ આપતા શ્રી અમીને જણાવ્યું હતું. કે, ભારત સરકાર દ્વારા પેક્સ મંડળીઓ બાયલોઝમાં સુધારા કરવામાં આવતાં પેક્સ હવે વિવિધ પ્રકારની 22 જેટલી કામગીરી કરી શકશે. જેવી કે મેડિકલ સ્ટોર,જન ઔષધિ કેન્દ્ર,રેલ્વે કે પ્લેન બુકિંગ,ગેસ એજન્સી,પેટ્રોલ પંપ વગેરેની કામગીરી કરી પ્રોફેશનલ બની બિઝનેસ વધારવો જોઈએ. ગુજરાત સરકારે સહકારી મંડળીઓને ડિવિડન્ડ વહેચવાની મર્યાદા 15 ટકાથી વધારી 20 ટકા કરી આપી છે, અને સભાસદોને આપવામાં આવતી ગીફ્ટની મર્યાદામાં પણ વધારો કર્યો છે.

ક્રેડિટ સોસાયટીઓને અપીલ કરતાં શ્રી અમીને જણાવ્યું હતું કે, આજે બદલાતા માહોલમાં સ્મોલ ફાઈનાન્સ કરતી બેન્કો વધી રહી છે. ત્યારે ક્રેડિટ સોસાયટીઓની તેની સાથે સીધી સ્પર્ધા થઈ રહી છે. આથી ક્રેડિટ સોસાયટીઓએ પ્રોફેશનલ મેનેજેન્ટ દ્વારા વિકાસ કરવો પડશે. તેના ફોલોઅર્સ વધારવા પડશે, ડિપોઝિટો અને ધિરાણના વ્યાજદરમાં સુધારો કરવો પડશે. ધિરાણની પદ્ધતિ બદલવી પડશે. નાના કારીગરો,

અનુસંધાન પાના નંબર : 3

## ગ્રામીણ સહકારી ધિરાણ માળખાની કરોડરજ્જુ PACS દ્વારા ભારતમાં 93% થી વધુ ગ્રામ પંચાયતોને આવરી લેવામાં આવી છે : શ્રી અમિતભાઈ શાહ

નવી દિલ્હી : રાષ્ટ્રીય સહકારી ડેટાબેઝ (NCD) અનુસાર, ભારતના ગ્રામીણ સહકારી ધિરાણ માળખાની કરોડરજ્જુ પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ (PACS) દ્વારા દેશની 93%થી વધુ ગ્રામ પંચાયતો (GPs) ને આવરી લેવામાં આવી છે. 30 જૂન, 2025 સુધીમાં 2,69,230 ગ્રામ પંચાયતોમાંથી 2,51,872 ગ્રામ પંચાયતોને PACS દ્વારા આવરી લેવામાં આવી છે. હવે માત્ર 17,358 પંચાયતો બાકી છે.

જો કે સરકારનું વિઝન માત્ર PACS પર નથી. NCDએ અન્ય ક્ષેત્રોમાં ઘણો મોટો તફાવત દર્શાવ્યો છેઃ 1,84,387 ગ્રામ પંચાયતો ડેરી સહકારી મંડળીઓ વિના રહે છે, જ્યારે 2,39,710 ગ્રામ પંચાયતોમાં મત્સ્યઉદ્યોગ સહકારી મંડળીઓનો અભાવ છે.

આ બાબતને ધ્યાનમાં લઈ કેન્દ્ર સરકારે ફેબ્રૂઆરી, 2023માં દરેક પંચાયત અને ગામ સુધી પહોંચવા માટે PACS, ડેરી અને મત્સ્યઉદ્યોગ સહકારી મંડળીઓ સહિત બે લાખ બહુહેતુક સહકારી મંડળીઓ સ્થાપિત કરવાની યોજનાને મંજૂરી આપી હતી.

જાન્યુઆરી 2021 બાદ દેશના વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં 7,768 નવા PACS ની સ્થાપના કરવામાં આવી છે. જેમ કે, રાજસ્થાન 1,968, ઓડિશા (1,540), ગુજરાત (641), ઉત્તર



પ્રદેશ (552) અને ઉત્તરાખંડ (550) જ્યારે પૂર્વોત્તર રાજ્યોમાં પણ નોંધપાત્ર મંડળીઓની રચના કરવામાં આવી છે. મેઘાલય (276), આસામ (254), અરુણાચલ પ્રદેશ (127) અને ત્રિપુરા (202). જો કે, કેટલાક પ્રદેશોમાં મર્યાદિત પ્રગતિ જોવા મળી છે, જેમ કે, કેરળમાં ફક્ત ત્રણ PACS, પંજાબમાં નવ અને તેલંગાણામાં નવ PACS ઉમેરાયા છે, જ્યારે ચંદીગઢ, લક્ષદ્વીપ અને દિલ્હી જેવા કેન્દ્રશાસિત પ્રદેશોમાં કોઈ PACS ઉમેરાયા નથી.

આ વિસ્તરણને માર્ગદર્શન આપવા માટે સહકાર મંત્રાલયે નાબાર્ડ, NDDB, NFDB અને રાજ્ય સરકારો સાથે મળીને માર્ગદર્શિકા તૈયાર કરી છે. જે સપ્ટેમ્બર 2024માં પ્રકાશિત કરવામાં આવી હતી. જેમાં સહકારી મંડળીઓ ઓછી છે તેવા ઉત્તર અને પૂર્વ ભારતના રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશોની ઓળખ કરાવવામાં આવી છે.

અસરકારક અમલીકરણ અને દેખરેખ માટે એક બહુસ્તરીય માળખાની રચના

અનુસંધાન પાના નંબર : 2

## તમામ સહકારી બેંકોને CIMS પોર્ટલ દ્વારા ઈન્ટરનેટ અને મોબાઈલ બેન્કિંગ રિટર્ન ભરવા RBIનો નિર્દેશ

નવી દિલ્હી : રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) એ સેન્ટ્રલાઈઝ્ડ ઈન્ફોર્મેશન મેનેજમેન્ટ સિસ્ટમ (CIMS) પોર્ટલ દ્વારા શહેરી સહકારી બેંકો (UCBs), રાજ્ય સહકારી બેંકો (STCBs) અને જિલ્લા કેન્દ્રીય સહકારી બેંકો (DCCBs) સહિત તમામ સહકારી બેંકોને તેમનું ઈન્ટરનેટ બેંકિંગ રીટર્ન (R065) અને મોબાઈલ બેંકિંગ રીટર્ન (R102) સબમિટ કરવાનો નિર્દેશ કર્યો છે.

ઓગસ્ટ 2025 થી અમલમાં આવેલ આ નિર્દેશનો હેતુ ડેટા રિપોર્ટિંગને સુવ્યવસ્થિત કરવાનો અને કેન્દ્રિય બેંકની દેખરેખની ક્ષમતાઓને વધારવાનો છે. ઈન્ટરનેટ બેંકિંગ રીટર્ન (R065) અને મોબાઈલ બેંકિંગ રીટર્ન (R102) એ માસિક રીટર્ન છે જે સહકારી બેંકોએ CIMS પોર્ટલ ([https://cims.rbi.org.in/★/login] (https:// cims.rbi.org.in/★/login) દ્વારા સબમિટ કરવું જરૂરી છે. આરબીઆઈએ સુચિત કર્યું છે કે આ રિટર્ન આગામી મહિનાની 7મી તારીખ સુધીમાં ભરી દેવાનું રહેશે; ઉદાહરણ તરીકે, ઓગસ્ટ 2025નું રિટર્ન 7 સપ્ટેમ્બર, 2025 સુધીમાં જમા કરાવવાનું રહેશે. આ સમય મર્યાદા અન્ય બેંકોની રિપોર્ટિંગ પ્રણાલી જેવી જ છે, જેનાથી સમગ્ર નાણાકીય ક્ષેત્રમાં એકરૂપતા આવશે.

આ ટેક્નીકલી પરિવર્તને સરળ બનાવવા માટે, આરબીઆઈએ CIMS પ્લેટફોર્મની અંદર દરેક રિપોર્ટિંગ સંસ્થા માટે વહીવટકર્તા નિયુક્ત કર્યા છે. આ વહીવટીકર્તાઓ રીટર્ન જમા કરાવનાર અધિકારીઓ માટે



લૉગિન પ્રમાણપત્ર બનાવશે. આ કેન્દ્રીય અભિગમ અનુસૂચિત વાણિજ્યિક બેંકો, પ્રાદેશિક ગ્રામીણ બેંકો, પેમેન્ટ બેંકો અને સ્મોલ ફાઈનાન્સ બેંકો સહિત વિવિધ બેંકો સુપરવાઈઝરી રિટર્નમાં સમાનતા લાવવા માટે આરબીઆઈની વ્યાપક પહેલનો એક ભાગ છે.

પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ્સ એક્ટ, 2007ની કલમ 19 સાથે સેક્શન 12નો સંદર્ભ આપીને આ નિર્દેશ પાલનના મહત્વ પર ભાર મૂકે છે. આ આદેશનું પાલન ન કરવાથી દંડાત્મક કાર્યવાહી થઈ શકે છે, જે નિયમનકારી ધોરણો લાગુ કરવા અને બેંકિંગ ક્ષેત્રમાં ડેટાની અખંડિતતા સુનિશ્ચિત કરવાની આરબીઆઈની પ્રતિબદ્ધતા પર ભાર મૂકે છે.

આ પગલું RBI દ્વારા સમગ્ર ભારતમાં બેંકિંગ કામગીરીને આધુનિક અને પ્રમાણિત કરવાના પ્રયાસોનો એક ભાગ છે. CIMS દ્વારા ડેટા રિપોર્ટિંગને કેન્દ્રિય બનાવીને RBI માહિતીની ચોકસાઈ અને સમયસરતા વધારવાનો, વધુ સારા નિર્ણય લેવા અને જોખમ વ્યવસ્થાપનને સરળ બનાવવાનો હેતુ ધરાવે છે. CIMS પ્લેટફોર્મ સાથે સરળતાથી જોડાવા માટે સહકારી બેંકોએ આ પરિવર્તન સ્વીકારીને તેમની આંતરિક સિસ્ટમ અને પ્રક્રિયાઓમાં સુધારા કરવાની જરૂર છે. વધુમાં, નિર્દેશનું પાલન કરી સંભવિત દંડ બચવા માટે આ નવી રિપોર્ટિંગ પદ્ધતિ સ્વીકારવી જરૂરી છે. આરબીઆઈએ દેશની બેંકિંગ ઈકોસિસ્ટમને પારદર્શક અને કાર્યક્ષમ બનાવવા ડિજિટલ બેંકિંગ સુધારાઓ અમલમાં મૂક્યા છે ત્યારે સહકારી બેંકોએ સુધારાઓથી માહિતગાર રહી તે મુજબ તૈયારી કરવી જોઈએ.

# યુવાનેતા શ્રી મનીષભાઈ સંઘાણીના માર્ગદર્શન હેઠળ અમરેલી ખાતે આત્મનિર્ભર મહિલા સહકારી સેમિનાર યોજાયો

અમરેલી : અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ અને ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાના ઉપાધ્યક્ષશ્રી મનીષભાઈ સંઘાણીના માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લા સહકારી સંઘ દ્વારા આત્મનિર્ભર મહિલા સહકારી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત મહિલા ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટી લિમિટેડના અધ્યક્ષ શ્રી ગીતાબેન સંઘાણી મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે શ્રી પૂનમબેન સંઘાણી દ્વારા મહિલાઓ દ્વારા તૈયાર કરવામાં આવતી વસ્તુઓને પુરા ભારતમાં જેમનું માર્કેટ મળે અને ઘર બેઠા જ જેનો વેપાર કરી શકાય જેના માટેની એપ વિશે માહિતી આપી હતી. આ ઉપરાંત શ્રી મનીષભાઈ સંઘાણી દ્વારા બહેનોને જરૂર પડે તે તમામ પ્રકારની મદદ કરવા માટેની તૈયારી બતાવી હતી અને બહેનો આ કાર્યમાં જોડાય અને આત્મનિર્ભર બને જેના માટે હાકલ કરી હતી.




# ભાવનગર નાગરિક સહકારી બેંકની 71મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ

ભાવનગર : ભાવનગર નાગરિક સહકારી બેંક લિ.ની 71મી વાર્ષિક સાધારણ સભા યશવંતરાય નાટ્યગૃહ ખાતે યોજાઈ હતી. જેમાં બહોળી સંખ્યામાં સભાસદો ઉપસ્થિત રહ્યા હતા. સભાની શરૂઆત 'વંદે માતરમ' ગીતથી કરવામાં આવી હતી. બાદમાં પહેલગામ ખાતે આતંક્વાદીના હુમલામાં મૃત્યુ પામેલા દેશના નાગરિકો તથા વર્ષ દરમિયાન અવસાન પામેલા સભાસદોને બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

બે વર્ષમાં શાસનમાં બેંકની સધ્ધરતા અને વિશ્વસનીયતામાં વધારો થયો છે. જેમકે, ડિપોઝિટમાં 22 કરોડ જેવો માતબર વધારો, લોનમાં પાંચ કરોડ જેવો વધારો અને એન. પી. એ. માં 5.70 % જેવો માતબર ઘટાડો પહેલા કરતાં પરચુરણ ખર્ચ, લીગલ ખર્ચ જેવા અન્ય ખર્ચાઓમાં 50% જેવો ઘટાડો થયો છે. સભાસદોને આપેલા આકર્ષક ગીફ્ટ તેમજ 10% જેવું ડિવિડન્ડ જાહેર કરવામાં આવ્યું છે. ભાવનગરની નામાંક્તિ 20 જેટલી હોસ્પિટલો, લેબોરેટરી, મેડિકલ સ્ટોર સાથે ટાઈઅપ કરી સારવારમાં સભાસદો તથા તેમના પરિવારજનોને લાભ મળી રહે તેવું આયોજન કરાયું છે, મૃત્યુ પામેલ સભાસદોને આર્થિક સહાય પૂરી પાડવામાં આવી છે, ઉપરાંત વર્ષ દરમિયાન વૃક્ષારોપણ, સ્વચ્છતા અભિયાન તેમજ બેંક દ્વારા હરીફાઈના યુગમા ગ્રાહકોને વધુમાં વધુ સારી સેવા પૂરી પાડી શકાય તે માટે જરૂરી ઉપકરણો અને સોફ્ટવેર અપગ્રેડ કરાવેલ છે. બેંકની ગંગાજળીયા શાખાને આધુનિક લૂક આપી રિનોવેશન કરાવેલ છે. તેમજ સરદારનગર શાખાને કાળિયાબીડ વિસ્તારમાં ફેરવીને વધુ સુવિધાયુક્ત બનાવેલ છે.

# ભાવનગર જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ તરીકે શ્રી ભાવનાબેન જાડેજાની બિનહરિફ વરણી

ભાવનગર : ભાવનગર જિલ્લા સહકારી સંઘના વ્યવસ્થાપક મંડળના હોદ્દેદારોમાં અધ્યક્ષશ્રીની વરણી સારૂ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ 1961ની કલમ 145-ઝેડ નીચે મદદનીશ કલેકટરશ્રી પ્રતિભા દહિયાના પ્રમુખસ્થાને તારીખ 19-08-2025ના રોજ યોજાઈ ચૂંટણી હતી. જેમાં જિલ્લા સંઘના ચૂંટાયેલા 16 ડાયરેકટરો પૈકી 15 ડાયરેકટરશ્રીઓની ઉપસ્થિતિમાં રાજ્યના અને જિલ્લાના યુવા મહિલા સહકારી અગ્રણીઓને રાજ્ય સહકારી સંઘની મહિલા સહકારી સમિતિના ચેરપર્સનશ્રી ભાવનાબેન જે. જાડેજાની ભાવનગર જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષપદે બિનહરીફ સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. જે ગુજરાતની ટોચની સહકારી સંસ્થાઓ અને ગુજરાતના સહકારી ક્ષેત્ર માટે ગૌરવની વાત છે.



શ્રી ભાવનાબેન જાડેજા રાષ્ટ્રિય કક્ષાની સહકારી સંસ્થા એન.સી.યુ.આઈ.ન્યૂ દિલ્હીમાં ગુજરાત રાજ્યનું મહિલા પ્રતિનિધિત્વ કરી ભાવનગર જિલ્લાનું પણ ગૌરવ વધારી રહ્યાં છે. ઉપરાંત ધી ગુજરાત સ્ટેટ કો-ઓપ. ગ્રઈન ગ્રોઅસ ફેડરેશન લિ.અમદાવાદ, ધી ગુજરાત રાજ્ય હેન્ડલૂમ, હેન્ડીકાફટ અને ઔદ્યોગિક ફેડરેશન લિ. અમદાવાદમાં ડિરેકટર પદે તેમજ ધી ભાવનગર ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંક લિ., ભાવનગરના ડિરેકટર પદે ચુંટાઈ આવીને ખેડૂતો, યુવાનો અને મહિલાઓની સમૃદ્ધિ તેમજ સ્વ-રોજગારી માટેના સહકારી સંસ્થાઓમાં સતત કાર્યો કરી રહ્યાં છે.

**ગાંધીનગર તાલુકા.... પાના નંબર : 4નું અનુસંધાન**

આ રજત જયંતી મહોત્સવમાં ઉપસ્થિત મહાનુભાવોનું તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘના ચેરમેન શ્રી સુરેશભાઈ પટેલ, વાઈસ ચેરમેન શ્રી નિરંજનકુમાર બિહોલા, માનદમંત્રીશ્રી જિતેન્દ્રકુમાર પટેલ દ્વારા બુકે સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના ચેરમેનશ્રી શંકરસિંહ રાણા, બિલ્ડરશ્રી પ્રમુખભાઈ પટેલ, માજી ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, ગાંધીનગર નાગરિક સહકારી બેન્કના ડિરેકટરશ્રી મનુભાઈ પટેલ, એ.પી.એમ.સી. ગાંધીનગરના ચેરમેનશ્રી રમેશભાઈ પટેલ, એ.પી.એમ.સી.ના પૂર્વચેરમેનશ્રી અશોકભાઈ પટેલ, ગુજકોમાસોલના સી.ઈ.ઓ. શ્રી દિનેશભાઈ સુથાર, એ.ડી.સી. બેન્કના જનરલ મેનેજરશ્રી કિરીટભાઈ બાપોદરીયા, કૃભકોના સ્ટેટ મેનેજરશ્રી સંદીપભાઈ પંડ્યા, ઈફકોના સ્ટેટ મેનેજર શ્રી એન. એમ. ગજેરા, એડવોકેટશ્રી હિમાંશુભાઈ તેમજ અન્ય સહકારી અગ્રણીઓ અને સહકારી મંડળીઓના પ્રતિનિધિઓએ બહોળી સંખ્યામાં હાજરી આપી હતી. આભારવિધી ગાંધીનગર જિલ્લા સહકારી સંઘના ચેરમેન શ્રી કોદરભાઈ પટેલે કરી હતી. આ સમગ્ર કાર્યક્રમનુ સંચાલન ગાંધીનગર જિલ્લા સહકારી સંઘના મહિલા સી.ઈ.આઈ. શ્રી મંજુલાબેન પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યુ હતું.

**સશક્ત મહિલાઓ..... પાના નંબર : 1નું અનુસંધાન**

તેમના માટે સૌથી મોટો પડકાર છે. સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા એ છે. તેમની સરકાર મહિલાઓની મુશ્કેલીઓ દૂર કરવા માટે સતત પ્રયત્નશીલ છે અને સંપૂર્ણ પ્રતિબદ્ધતા સાથે આ કરવાનું ચાલુ રાખશે.

તાજેતરમાં સ્વતંત્રતા દિવસે દરેક ગામ અને શેરીમાં ગુંજતા 'હર ઘર તિરંગા' ના સૂત્રની રાષ્ટ્રીય ભાવનાને યાદ કરીને, પ્રધાનમંત્રીએ પુનરોચ્ચાર કર્યો કે 'હર ઘર સ્વદેશી, ઘર-ઘર સ્વદેશી' અપનાવવાની સમયની જરૂરિયાત છે. માતાઓ અને બહેનોના સશક્તીકરણ અને આત્મનિર્ભર ભારત બનાવવા માટે આ નવો મંત્ર ખૂબ જ જરૂરી છે. તેમણે મહિલાઓને આ અભિયાનમાં તેમના આશીર્વાદ આપવા વિનંતી કરી. પ્રધાનમંત્રીએ દરેક દુકાનદાર અને વેપારીને ગર્વથી 'યે સ્વદેશી હૈ' બોર્ડ લગાવવા અને સ્થાનિક અને 'મેડ ઈન ઈન્ડિયા' ઉત્પાદનો માટે વોકલ ફોર લોકલ પર ભાર મૂકવા વિનંતી કરી. પ્રધાનમંત્રીએ તેમના સંબોધનનું સમાપન ભારતને આત્મનિર્ભરતાના માર્ગ પર મજબૂતીથી આગળ વધારવાના આહ્વાન સાથે કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રી નીતિશ કુમારે કહ્યું કે, આ બિહાર માટે ગર્વની ક્ષણ છે. રાજ્ય સરકારે આ કાર્ય માટે ૧૦૦૦ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે, જેમાંથી ૧૦૫ કરોડ રૂપિયા આજે જીવિકા નિધિના ખાતામાં મોકલી દેવામાં આવ્યા છે. વધુમાં, કેન્દ્ર સરકાર ૧૧૦ કરોડ રૂપિયાની સહાય પણ આપશે. આનાથી સ્વ-સહાય જૂથ (SHG) ના જીવિકા દીદી માટે લોન લેવાનું સરળ બનશે. રાજ્યમાં વર્ષ ૨૦૦૬ બાદ ૧૧ લાખ સ્વ-સહાય જૂથો બનાવવામાં આવ્યા છે, જેમાં ૧ કરોડ ૪૦ લાખ મહિલાઓ જોડાયેલી છે. ૨૦૨૪ પછી શહેરી વિસ્તારોમાં પણ ૩૭ હજાર જૂથો બનાવવામાં આવ્યા છે, જેમાં ૩ લાખ ૮૫ હજાર જીવિકા દીદી સંકળાયેલી છે.

આ કાર્યક્રમમાં બિહારના મુખ્યમંત્રી શ્રી નીતિશ કુમાર, નાયબ મુખ્યમંત્રી શ્રી સમ્રાટ ચૌધરી, શ્રી વિજય કુમાર સિંહા અને અન્ય મહાનુભાવો હાજર રહ્યા હતા.

**ગ્રામીણ સહકારી ધિરાણ..... પાના નંબર : 1નું અનુસંધાન**

કરવામાં આવી છે. ટોચ પર સહકાર મંત્રીની અધ્યક્ષતામાં એક આંતર મંત્રાલય સમિતિ નીતિગત દેખરેખ રાખે છે. જ્યારે રાષ્ટ્રીય સ્તરની સંકલન સમિતિ સહકાર મંત્રાલયના સચિવની દેખરેખ હેઠળ વિવિધ વિભાગોમાં નીતિઓના અમલીકરણનું કાર્ય કરે છે.

રાજ્યોએ સ્થાનિક અમલીકરણ માટે જિલ્લા સ્તરે સંયુક્ત કાર્યકારી સમિતિઓની રચના પણ કરી છે. રાજ્ય અને જિલ્લા સ્તરે મુખ્ય સચિવો અને જિલ્લા કલેક્ટરોની આગેવાની હેઠળની સહકારી વિકાસ સમિતિઓ પ્રગતિનું નિરીક્ષણ કરે છે.

આ સહકારી અભિયાન ઉદ્દેશ્ય PACS ને ફક્ત ધિરાણ જ નહીં પરંતુ ડેરી, મત્સ્યઉદ્યોગ અને અન્ય ગ્રામીણ સેવાઓ પણ પૂરી પાડતી બહુહેતુક સંસ્થાઓમાં રૂપાંતરિત કરવાનો છે. ઉપરાંત PACS ને રાષ્ટ્રીય ડેરી વિકાસ કાર્યક્રમ અને PM મત્સ્ય સંપદા યોજના જેવી અન્ય સરકારી યોજનાઓ સાથે જોડવાના સરકારના પ્રયાસને દર્શાવે છે.

રાજ્યસભામાં એક લેખિત જવાબમાં સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે ભાર મૂક્યો હતો કે આ પહેલ સહકારી ચળવળને વધુ ગાઢ બનાવશે, નાણાકીય અને આજીવિકા સંસાધનોની સમાન પહોંચ લાવશે અને ગ્રામીણ પરિવારોને સશક્ત બનાવશે. ૯૩% થી વધુ ગ્રામ પંચાયતો પેક્સ દ્વારા આવરી લેવામાં આવી છે. હવે પડકાર માત્ર ૧૭,૦૦૦ પંચાયતો બાકી રહી છે તે અને ડેરી અને મત્સ્યઉદ્યોગ સહકારી મંડળીઓના પ્રસાર- પ્રસારને વેગ આપવાનો રહ્યો છે.

# ગુજરાતની પેક્સને આર્થિક પ્રોત્સાહન સ્વરૂપે ઈનામ આપવાની યોજના

ગુજરાત સરકાર
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ઠરાવ ક્રમાંક-ACD/CES/e-file/2/2024/4245/CH
સચિવાલય, ગાંધીનગર

**વંચાણે લીધા :**

(1) રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ ગુજરાત રાજ્ય ગાંધીનગરના તા.13/03/2025 ના પત્ર ક્રમાંકઃ RCOS/AJN/e-|| file/278/2024/3504/Credit

પ્રસ્તાવનાઃ- રાજ્યમાં ખેડૂતોને કૃષિ વિષયક ટૂંકા ગાળાનું ધિરાણ પૂરા પાડવા માટે એક રાજ્ય સહકારી બેંક, 18 જિલ્લા મધ્યસ સહકારી બેંકો તેમજ 10,000 ઉપરાંત ખેતી વિષયક ધિરાણ સહકારી મંડળીઓનું ત્રિસ્તરીય માળખુ અમલમાં છે. રાજ્યમાં કુલ 70 % નાના અને સીમાંત ખેડૂતો સહકારી માળખા સાથે જોડાયેલ છે. રાજ્યના 14 લાખ ઉપરાંત નાના, સીમાંત અને નબળા વર્ગના ખેડૂતો ધિરાણ સહકારી માળખા દ્વારા પાક ધિરાણ મેળવે છે.

આ ઉપરાંત, પ્રાથમિક કૃષિ વિષયક ધિરાણ મંડળીઓ મારફતે ખેડૂતોને રાજ્ય સરકારશ્રીની ખેડૂતલક્ષી યોજનાઓનો લાભ મળી રહે તે માટે મધ્યસ્થીની કામગીરી કરી ખેડૂતો/ગામલોકોને આર્થિક લાભ મળી શકે તે માટે કામગીરી કરી રહેલ છે. જેમકે ખેડૂતોને ખેતીકામ માટે ખાતર, જંતુનાશક દવાઓ, નિયંત્રિત ખાદ્ય પદાર્થો તેમજ અન્ય વસ્તુઓની જરૂરિયાતો મંડળી કક્ષાએ દુકાન વિભાગ ચલાવીને સેવાઓ પૂરી પાડે છે. તેમજ ખેડૂતોને ખેતીના કામ માટે જરૂરિયાતના સમયે ટ્રેક્ટર/ટ્રેલર વિગેરેના મધ્યમ મુદતના ધિરાણની જરૂરિયાત પણ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોના સહયોગથી સંતોષવામાં મધ્યસ્થીની ભૂમિકા અદા કરે છે. દેશમાં સહકારી ચળવળને મજબૂત કરવા અને પાયાના સ્તર સુધી તેની પહોંચને ઊંડી બનાવવા પર ભારત સરકારશ્રી દ્વારા ભાર મૂકવામાં આવેલ છે. જે પરત્વે ભારત સરકારશ્રી દ્વારા સહકારિતા મંત્રાલયના સહયોગથી સહકારી ક્ષેત્રને લગતા વિવિધ આયામો નિયત કરવામાં આવેલ છે.

રાજ્યમાં ગ્રામ્ય સ્તરે પ્રાથમિક કૃષિ વિષયક સહકારી મંડળીઓ (પેક્સ) એ ગામની એક પાયાની સંસ્થા છે જે તેની સાથે જોડાયેલા ખેડૂત સભાસદોના હિતમાં વિવિધ પ્રવૃત્તિઓ કરી રહેલ છે. જેના થકી થતી વિવિધ કામગીરી દેશના આર્થિક વિકાસમાં પાયાના સ્તરે પોતાનું યોગદાન આપે છે. જેની સીધી અસર દેશના વિકાસ સાથે જોડાયેલી છે. ગામડામાં ખેડૂતો/લોકોનું એકમાત્ર આજીવિકાનું સાધન ખેતી ઉપર નિર્ભર છે. જે આજના મોંઘવારીના સમયમાં દિન-પ્રતિદિન પડકારજનક બનતું જાય છે. જેની સીધી અને વિપરિત અસર પ્રાથમિક કૃષિ વિષયક ધિરાણ મંડળીઓની આર્થિક સ્થિતિ પર પડતી હોવાથી મંડળીની નફાકારકતામાં ઘટાડો થતાં મંડળીઓ આર્થિક રીતે નબળી પડે છે. જેથી પેક્સને નીચે મુજબની જુદી જુદી કામગીરી માટે આર્થિક પ્રોત્સાહન આપવામાં આવે તો ગ્રામ્ય કક્ષાએ સહકારી પ્રવૃત્તિને વેગવંતી બનાવી શકાય. તેમજ મંડળીઓ સારામાં સારી કામગીરી કરવા પ્રેરાય. તે માટે મંડળીઓને કામગીરી સંદર્ભે ઈનામી રકમથી નવાજીને પ્રોત્સાહિત કરી શકાય તેમ છે જેથી રાજ્યમાં મંડળીઓને સારી અને ઉત્તમ કામ કરવા પ્રેરણા મળી શકે તેમ છે, જેથી ભારત સરકારશ્રીનો 'સહકારથી સમૃધ્ધિ નો અભિગમ સાર્થક બનશે. જે ધ્યાને લેતાં પ્રાથમિક કૃષિ વિષયક ધિરાણ સહકારી મંડળી લિ. (પેક્સ)ને આર્થિક પ્રોત્સાહન સ્વરૂપે ઈનામ આપવાની યોજના શરૂ કરવી આવશ્યક જણાતી હોઈ વંચાણે લીધા ક્રમાંકઃ (1)ના પત્રની દરખાસ્ત અન્વયે સને 2025-26ના વર્ષમાં પ્રસ્તુત યોજનાને નવી બાબત તરીકે વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ**

વિચારણાના અંતે પ્રાથમિક કૃષિ વિષયક ધિરાણ સહકારી મંડળી લિ. (પેક્સ)ને સારી કામગીરી કરવા માટે પ્રોત્સાહિત કરવા રાજ્ય સરકારશ્રી તરફથી આર્થિક પ્રોત્સાહન સ્વરૂપે ઈનામ આપવાની યોજનાને સને 2025-26ના વર્ષ માટે રૂ.5.49 કરોડ (અંકે રૂપિયા પાંચ કરોડ ઓગણપચાસ લાખ પૂરા)ની જોગવાઈ સાથે નવી બાબત તરીકે નીચેની શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો :**

(1) આ યોજનાનો લાભ માત્ર પ્રાથમિક કૃષિ વિષયક ધિરાણ સહકારી મંડળીઓને જ મળવાપાત્ર થશે.

(2) આ યોજના અંતર્ગત જિલ્લા કક્ષાએ પ્રથમ આવનાર પેક્સ મંડળીને રૂ.5/- લાખ, બીજા ક્રમે આવનાર પેક્સ મંડળીને રૂ.3/- લાખ, તથા ત્રીજા ક્રમે આવનાર પેક્સને રૂ.1/- લાખ મળવાપાત્ર થશે. તેમજ દરેક તાલુકા કક્ષાએ પ્રથમ આવનારને રૂ.1/- લાખ મળવાપાત્ર થશે.

(3) યોજનાનો લાભ લેવા માંગતી મંડળીઓએ રજિસ્ટ્રાર કચેરી તરફથી વખતો-વખત નક્કી કરવામાં આવતી માર્કશીટ મુજબ વિગતો ભરી, સાધનિક આધાર-પુરાવાઓ સહિત જિલ્લા રજિસ્ટ્રારશ્રીની કચેરી ખાતે 30 ઑક્ટોબર સુધીમાં દરખાસ્ત મોકલી આપવાની રહેશે. ત્યારબાદ મળેલ દરખાસ્ત ધ્યાને લેવામાં આવશે નહીં.

(4) સદરહુ યોજનાના લાભ માટે જે વર્ષ માટેનું ઈનામ આપવાનું હોય તેના અગાઉના નાણાકીય વર્ષના ઓડિટેડ સરવૈયા મુજબના આંકડાઓ ધ્યાને લેવાના રહેશે.

(5) મંડળીએ દરખાસ્ત સાથે તમામ જરૂરી આધાર-પુરાવા રજૂ કરવાના રહેશે. કમિટી દ્વારા રજૂ કરેલ દરખાસ્ત પરત્વે અન્ય જે કોઈપણ આધાર-પુરાવા કમિટી રજૂ કરવા જણાવે તે મંડળીએ રજૂ કરવાનો રહેશે.

(6) માર્કશીટ મેળવેલ મંડળીની પસંદગી માટે કમિટીએ નિર્ણય લેવાનો રહેશે. જે કમિટીમાં અધ્યક્ષ તરીકે સંયુક્ત રજિસ્ટ્રારશ્રી અને ખાસ અન્વેષકશ્રી (વિભાગીય), સભ્ય સચિવશ્રી તરીકે જિલ્લા રજિસ્ટ્રારશ્રી, અને સભ્ય તરીકે જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસરનો સમાવેશ થશે.

(7) આ યોજના અંતર્ગત પેક્સની પસંદગી માટે રજિસ્ટ્રાર કચેરી દ્વારા વખતોવખત તૈયાર કરવામાં આવેલ માર્કશીટના આધારે નક્કી કરવાની રહેશે. રજિસ્ટ્રાર કચેરી દ્વારા દર વર્ષે 30 માર્ચ સુધી માર્કશીટ તૈયાર કરી લેવાની રહેશે.

(8) જિલ્લા રજિસ્ટ્રાર કચેરીને 30 ઑક્ટોબર સુધી મળેલ દરખાસ્ત કમિટી સમક્ષ યાદી બનાવી રજૂ કરવાની રહેશે. કમિટી દ્વારા આ બાબતે ઠરાવની જોગવાઈ ધ્યાને લઈ એક માસમાં પેક્સની પસંદગીની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

(9) કમિટી દ્વારા મંડળીની પસંદગી માટે લીધેલ નિર્ણય આખરી ગણાશે.

(10) તાલુકા કક્ષાના ઈનામ માટે પ્રથમ આવનાર સંસ્થા જો જિલ્લા કક્ષાના ઈનામ માટે પસંદ થયેલ હોય તો તે સંસ્થાને જિલ્લા કક્ષાનું ઈનામ આપવાનું રહેશે તથા તાલુકા કક્ષા માટે ત્યારબાદ આવતી પેક્સ મંડળની પસંદગી કરવાની રહેશે.

(11) રજિસ્ટ્રાર કચેરી દ્વારા નિયત થયેલ ચેકલીસ્ટ પ્રમાણે ગણતરી કરતા કોઈ કિસ્સામાં સમાન માર્ક્સ પ્રાપ્ત થતા હોય તેવા કિસ્સામાં જે મંડળી જૂની હોય તેવી મંડળીને પ્રથમ ક્રમ આપવાનો રહેશે.

(12) નાણાકીય સત્તા સોંપણી નિયમો મુજબ જે મંડળીને સહાય ચૂકવવાની સત્તા જિલ્લા રજિસ્ટ્રારને છે તેમને તેમની કક્ષાએથી સહાય ચૂકવવાની રહેશે. જ્યારે વડી કચેરી કક્ષાએથી મંજૂર કરવાની થતી દરખાસ્ત કમિટીના અધ્યક્ષની સહીથી સ્પષ્ટ આધાર વિગતો સહ વડી કચેરીએ મોકલી આપવાની રહેશે.

(13) સદરહુ યોજનાના બહોળા પ્રચાર માટે જિલ્લા કક્ષાએ જિલ્લા રજિસ્ટ્રારશ્રીની કચેરી, જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક, રાજ્ય સહકારી સંઘ તેમજ રાજ્ય સહકારી બેંક દ્વારા કામગીરી કરવાની રહેશે.

(14) મંડળીના સહાયના વર્ષે અને તેની અગાઉના ત્રણ વર્ષ દરમિયાન નાણાકીય ગેરરીતિ, ઉચાપત, ગોટાળા કે છેતરપિંડી / ભ્રષ્ટાચારના બનાવ બનવા પામેલ કે હાલ સૂચિતમાં ન હોવો જોઈએ.

(15) મંડળીમાં સહાયના વર્ષે અને તેની અગાઉના ત્રણ વર્ષ દરમિયાન મંડળી સામે સહકારી કાયદાની કલમ-81, 86 કે 93 ની કાર્યવાહી ચાલુ કે સુચિતમાં ન હોવી જોઈએ.

(16) યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ સને 2025-26 ના વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(17) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(18) પ્રસ્તુત કામે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(19) સદર વહીવટી મંજૂરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.

(20) આ મંજૂરી અંગે કરવાના થતાં ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(21) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(22) આ યોજના એક વર્ષ માટે એટલે કે સને 2025-26 ના વર્ષ પૂરતી અમલમાં રહેશે.

(23) આ યોજનાનો અમલ, નિયંત્રણ તથા નિયત ચકાસણી રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર એ કરવાની રહેશે.

(24) પ્રસ્તુત યોજનાનું અસરકારક અમલીકરણ રાજ્ય સરકારશ્રીના નીતિ નિયમો અનુસાર પારદર્શક તેમજ અસરકારક રીતે થાય તે અંગેની સંપુર્ણ જવાબદેહી રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની રહેશે. તથા આ યોજના અંતર્ગત પેક્સની પસંદગી માટે ઓનલાઇન અરજી મંગાવવાની રહેશે તેમજ વિજેતા પેક્સને રકમ DBT પદ્ધતિથી જ આપવાની રહેશે.

(25) પ્રસ્તુત યોજના અંગેનો ખર્ચ તા.01/04/2025 થી કરવાનો રહેશે.

(26) આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજ પત્રિય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચૂકવવાની રહેશે. કોઈપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબ, આયોજન કરવાની તકેદારી રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની રહેશે.

(27) આ યોજનાનો અમલ રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળી, ગુજરાત રાજ્ય નોડલ એજન્સી મારફતે કરવાનો રહેશે.

(28) પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.

(29) ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

(30) નાણાકિય સહાય નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી જ આપવાની રહેશે.

(31) આ યોજનાને DBT Portal ઉપર ફરજિયાત નોંધવાની રહેશે.

(32) C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.

(33) યોજનાના મોનિટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(34) Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

(35) ઉપરોક્ત દર્શાવેલ શરત નં.25 થી શરત નં. 34નો, યોજનાના પ્રારૂપને અનુરૂપ (યોજનાને લાગુ પડતી) રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરે અમલ કરવાનો રહેશે.

(36) આ યોજનાનો ખર્ચ વર્ષ 2025-26 ના અંદાજપત્રમાં કરેલ જોગવાઈની મર્યાદામાં નીચેના સબજેટ સદરે ઉધારવાનો રહેશે.

માંગણી ક્રમાંક : 5 (આયોજન)
સેકટર : ગ આર્થિક સેવાઓ

**અનુસંધાન પાના નંબર : 3**

# ભાવનગર જિલ્લા સહકારી સંઘની 67મી વાર્ષિક સાધારણ સભા સંપન્ન

ભાવનગર : ભાવનગર જિલ્લા સહકારી સંઘની 67-મી વાર્ષિક સાધારણ સભા અને તેની સાથે સંકળાયેલી સમાનધર્મી સહકારી સંસ્થાઓની સામાન્ય સભાઓ શ્રી ઘોધારી કપોળ જ્ઞાતિની વાડી, રેલ્વે સ્ટેશન સામે, ભાવનગર મુકામે મળી. આ સભાના એજન્ડા મુજબની કામગીરી હાથ ધરતા પહેલા રાજ્યમાં અને દેશમાં અવસાન પામેલા સર્વે મહાનુભાવો તેમજ ભાવનગર જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષશ્રી જયવંતસિંહજીભાઈ જાડેજાને યાદ કરી ભાવભીની શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી.



આ વાર્ષિક સાધારણ સભામાં કાર્યક્રમના ઉદઘાટકશ્રી, ભાવનગર જિલ્લાના ભાજપના અધ્યક્ષશ્રી દિગ્વિજયસિંહ ગોહિલનું જિલ્લાની સહકારી સંસ્થાઓ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ કાર્યક્રમના મુખ્ય મહેમાન ગુજરાત રાજ્યના પૂર્વ ઉપાધ્યક્ષશ્રી રાજેન્દ્રસિંહ રાણા, ભાવનગર જિલ્લાના પૂર્વ સાંસદશ્રી ભારતીબેન શિયાળ, અતિથિ વિશેષ ભાવનગર ડિસ્ટ્રિક્ટ કો-ઓપ.બેંક લિ.ના પૂર્વ ઉપ-પ્રમુખશ્રી મેહુરભાઈ લવતુકા, મહિલા મોરચાના પ્રમુખશ્રી ધર્મિષ્ઠાબેન દવે, ભાવનગર માર્કેટિંગ યાર્ડના પ્રમુખશ્રી રણછોડભાઈ ઝાંઝડીયા, ભારતીય જનતા પાર્ટીના મહામંત્રીશ્રી રાજેશભાઈ ફાળકી તથા ભાવનગર જિલ્લા સહકારી ખરીદ-વેચાણ સંઘના પ્રમુખશ્રી જીવરાજભાઈ ગોધાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ અવસરે સને 2023-24 ના વર્ષમાં ઉત્કૃષ્ઠ અને સારું કામ કરવા બદલ નાગરિક સહકારી બેંકોની શિલ્ડ હરીફાઈના વિજેતા શ્રી તળાજા નાગરિક સહકારી બેંક લિ. અને શ્રી ભાવનગર નાગરિક સહકારી બેંક લિ. તેમજ સને 2024-25ના વર્ષમાં ઉત્કૃષ્ટ અને સારું કામ કરવા બદલ શ્રી ઉમરાળા તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘ લિ., શ્રી સિહોર તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘ લિ. અને શ્રી તળાજા તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘ લિ., તેમજ તેમના હોદ્દેદારોશ્રીઓને મંચસ્થ - મહાનુભાવોના વરદ્ હસ્તે શિલ્ડ, પ્રમાણપત્ર અને રોકડ પારિતોષિક એનાયત કરવામાં આવેલ.

ભાવનગર જિલ્લા સહકારી સંઘના માનદમંત્રીશ્રી ગંગારામભાઈ રાજયગુરૂએ સમાનધર્મી સહકારી સંસ્થાઓનું સભાધ્યક્ષ સંભાળી તમામ સંસ્થાઓની વાર્ષિક સધારણ સભાઓનું સંચાલન કરી સભાસદશ્રીઓને સંસ્થાના હિસાબો રજૂ કરી એજન્ડા મુજબની તમામ કામગીરી કરી. ભાવનગર જિલ્લા સહકારી સંઘના યુવા અધ્યક્ષ અને ગુજરાત રાજ્ય સહકારી સંઘની મહિલા સહકારી સમિતિના ચેરપર્સનશ્રી ભાવનાબેન જાડેજાએ સભામાં સૌને આવકારતા જણાવ્યું હતું કે, અહિંયા મળેલ માર્ગદર્શન પોતાના જીવનમાં ઉતારી સહકારી પ્રવૃત્તિને વિકાસ તરફ લઈ જવાની છે.

આ સભામાં જિલ્લા સંઘના ડાયરેકટરશ્રીઓ સર્વશ્રી વિરમદેવસિંહજી ગોહિલ, શ્રી ચંદ્રસિંહજીભાઈ બી. ગોહિલ, શ્રી લધરભાઈ ચૌહાણ, શ્રી પ્રેમજીભાઈ વી. બારૈયા, શ્રી લાલુભા કે. ગોહિલ સહિતના તમામ કાર્યવાહકો તેમજ મહિલા સમિતિના સદસ્યશ્રીઓ શ્રી અવનીબેન બી. રાવલ, શ્રી નીમુબેન બી. પંડ્યા, શ્રી રખુબેન પી.બારૈયા, શ્રી પ્રિતાબેન શાહ તેમજ ચૂંટાયેલા વ્યક્તિ ડેલિગેટ પ્રતિનિધિશ્રીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

# ડભોઈ મુકામે યુવક સહકારી તાલીમ શિબિર યોજાઈ

ડભોઈ : આંતરરાષ્ટ્રિય સહકારિતા વર્ષ 2025 ના ઉજવણી નિમિત્તે ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદની સહકારી શિક્ષણ યોજના મુજબ વડોદરા જિલ્લા સહકારી સંઘ, વડોદરા દ્વારા ડભોઈ તાલુકાની શ્રી સી. એન.પી. એફ.એન્ડ ડી.એન.સાયન્સ કોલેજ, ડભોઈ ખાતે તારીખ 01/09/2025 થી તારીખ 06/09/2025 સુધી યુવક સહકારી તાલીમ શિબિર યોજવામાં આવી હતી.

પૂર્ણાહુતિ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી, આ કાર્યક્રમ વડોદરા જિલ્લા સહકારી સંઘ, વડોદરાના અધ્યક્ષ સ્થાનેથી શ્રી પ્રવીણભાઈ પટેલના પ્રમુખ સ્થાનેથી કરવામાં આવેલ હતો. તેમણે તાલીમાર્થીઓને સહકારી શિક્ષણ અને અલગઅલગપ્રકારનીસહકારીમંડળીઓ વિશે માહિતી આપી સહકાર સાથે જોડાવા અપીલ કરી હતી. આ કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ મંચસ્થ મહાનુભાવો અને વડોદરા જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષશ્રી પ્રવીણભાઈ પટેલનું સ્વાગત



કોલેજના પ્રિન્સિપાલશ્રી તથા કોલેજના કેળવણી મંડળના પ્રમુખશ્રી એ કર્યું હતું. આ કાર્યક્રમમાં વડોદરા જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષશ્રી પ્રવીણભાઈ પટેલ, એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી અમિતભાઈ પટેલ, તેમજ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજના પ્રિન્સિપાલશ્રી સુનિલભાઈ પટેલ, કોલેજ કેળવણી મંડળના પ્રમુખ શ્રી શશીકાંતભાઈ પટેલ, કોલેજના અધ્યાપકશ્રીઓ, કોલેજના બહોળી સંખ્યામાં તાલીમાર્થીઓ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

કોલેજ કેળવણી મંડળના પ્રમુખ શ્રી શશીકાંતભાઈ પટેલે સહકારી મંડળીઓ અંગે માહિતી આપી હતી. છ દિવસીય તાલીમ વર્ગનું સંચાલન વડોદરા મહિલા સી.ઈ.આઈ. રેશ્માબેન ડી. પટેલે કર્યું હતું.

## ગુજરાત સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, મહેસાણા મુકામે

# જિલ્લાની શરાફી સહકારી મંડળીઓના માટે પ્રોફેશનલ મેનેજમેન્ટ ઈન કો-ઓપ. ક્રેડિટ સોસાયટી તાલીમ પ્રોગ્રામ યોજાયો

મહેસાણા : ભારત સરકારે વર્ષ 2025 ને આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ તરીકે ઉજવવાનું જાહેર કરેલ છે જે મુજબ સમગ્ર રાજ્યમાં, જિલ્લામાં અને તાલુકા મથકે વિવિધ તાલીમ કાર્યક્રમ યોજાઈ રહ્યા છે. તે મુજબ ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદની સહકારી શિક્ષણ યોજના અનુસાર ગુજરાત સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, મહેસાણા ખાતે તારીખ 28/08/2025 થી 30/08/2025 દરમિયાન મહેસાણા જિલ્લાની વિવિધ ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટીઓનો તાલીમ વર્ગ યોજાયો હતો. આ તાલીમ કાર્યક્રમમાં 35 જેટલી ક્રેડિટ સોસાયટીના 55 જેટલા પ્રતિનિધિઓ હાજર રહ્યા. તાલીમ વર્ગના પૂર્ણાહુતિ પ્રસંગે મહેસાણા જિલ્લા સહકારી સંઘના માનદમંત્રી શ્રી રમેશભાઈ પટેલ તેમજ સંઘના મેનેજર શ્રી સંજયભાઈ સક્સેના હાજર રહ્યા હતા. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન શ્રી રમેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, સહકારી પ્રવૃત્તિ રોજગારી આપતી મહત્વની પ્રવૃત્તિ છે અને ગ્રામ્ય અર્થતંત્રનો પાયો છે. આજના હરીફાઈના જમાનામાં શરાફી સહકારી મંડળીઓં ચલાવવા પ્રોફેશનલ મેનેજમેન્ટ અપનાવવું પડશે અને તે માટે તાલીમ કેન્દ્ર દ્વારા થયેલો આ પ્રયાસ તમને સૌને ઉપયોગી થશે તેનો મને વિશ્વાસ છે.

શ્રી સંજયભાઈએ જણાવ્યું કે, ગુજરાત રાજ્ય સહકારી સંઘ, જિલ્લા સહકારી સંઘ અને સહકારી તાલીમ કેન્દ્ર દ્વારા ચલાવતા શિક્ષણ અને તાલીમ વર્ગોમાં દરેકે જોડાઈને આધુનિક પ્રવાહોથી વાકેફ રહેવું પડશે.

મહેસાણા જિલ્લાની શરાફી સહકારી મંડળીઓના શિલ્ડ હરીફાઈમાં તમામ મંડળીઓને જોડાવા અપીલ કરી હતી. અને તે માટેના ફોર્મનું વિતરણ કર્યું હતું.

આ પ્રસંગે તાલીમ કેન્દ્રના પ્રિન્સિપાલ શ્રી અલ્પેશભાઈ રાવલે પ્રોફેશનલ મેનેજમેન્ટ દ્વારા મંડળીઓનો સર્વાંગી વિકાસ અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમજ આ પ્રસંગે ઉપસ્થિત મુખ્ય મહેમાનો અને સંઘના માનદમંત્રી શ્રી રમેશભાઈ પટેલનાવરદ હસ્તે ગુજરાત સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર મહેસાણા દ્વારા તૈયાર કરેલ "મેનેજમેન્ટ ઈન કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી ટ્રેનિંગ પ્રોગ્રામ" પુસ્તક (મટીરીયલ) નું વિમોચન કર્યુ હતું. આ ત્રિ દિવસીય સફળ તાલીમ વર્ગનું અને પુર્ણાહૂતિ કાર્યક્રમનું સંચાલન વર્ગના કોર્સ કો-ઓર્ડીનેટર તેમજ કેન્દ્રના અધ્યાપક શ્રી જીતુભાઈ બી.પટેલે કર્યું હતું. તેમજ તાલીમ વર્ગની સમગ્ર માહિતી અને રૂપરેખા કેન્દ્રના અધ્યાપક શ્રી ધર્મેશભાઈ દવે આપી હતી. કેન્દ્રના અધ્યાપક શ્રી મહેન્દ્રસિંહ ચૌહાણે આભાર વિધિ કરી હતી.

ક્રેડિટ સોસાયટીઓએ..... પાના નંબર : 1નું અનુસંધાન




મિસ્ત્રી, લુહાર, દરજીઓ, કડીયા, મજૂર વર્ગ સુધી પહોંચીને રૂપિયા 50 હજાર સુધીના પણ ધિરાણ કરવા જોઈએ. જે હાલમાં સ્મોલ ફાઈનાન્સ બેંકો કરી રહી છે. ક્રેડિટ સોસાયટીઓએ આ નાના અને મધ્યમ વર્ગને આર્થિક રીતે મદદરૂપ થઈ આત્મનિર્ભર બનાવવાનો છે, તે તરફ સૌનું ધ્યાન હોવું જોઈએ. ફેડરેશનના સઘન અને સતત પ્રયાસોથી અને સરકારમાં વારંવાર રજૂઆતો કરવાથી ક્રેડિટ સોસાયટીઓને રૂપિયા 50 હજારના ધિરાણ સુધી સ્ટેમ્પ ડ્યુટીમાંથી સરકાર દ્વારા મુક્તિ આપવામાં આવી છે જે સરાહનીય બાબત છે. સરકારે અનેક ફેરફારો સમયાંતરે કરી આપ્યાં છે તેનો લાભ સભાસદો પહોંચાડવાની જવાબદારી આપણાં સૌની છે.

અતિથિ વિશેષ સ્થાનેથી ખેતી બેન્કના એમડી. ડૉ. વી.એમ. ચૌધરીએ સહકાર નીતિ - 2025ની સમજ આપી જણાવ્યું કે, સહકારી પ્રવૃત્તિને ભારતના વિકાસમાં ગ્રોથ એન્જિન તરીકે જોવામાં આવે છે. તેમાંય ક્રેડિટ સોસાયટીઓ મિનિબેન્કો જેવું કામ કરી શકે છે. ત્યારે ક્રેડિટ સોસાયટીઓએ સભાસદોનો વિશ્વાસ જાળવી રાખવો જરૂરી છે.

ગુજરાત રાજ્ય સહકારી સંઘના એક્ઝિક્યૂટિવ ઓફિસર ડૉ. રાજેન્દ્ર ત્રિવેદીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, સહકારથી સમૃદ્ધિનું સૂત્ર આપ્યું છે ત્યારે મનમાં થાય કે શું સહકારથી સમૃદ્ધિ શક્ય છે. પણ જેવી રીતે સરકાર દ્વારા સહકારી પ્રવૃત્તિને મહત્વ આપવામાં આવી રહ્યું છે તે જોતા કહી શકાય કે હા સહકારથી જ દેશમાં સમૃદ્ધિ આવી શકશે. ક્રેડિટ સોસાયટીઓએ પારદર્શક વહીવટ કરીને સમાજને મજબૂત કરવાનું કામ કર્યુ છે. સહકારી સંસ્થાઓમાં વ્યવસાયિક મેનેજમેન્ટ અંગે મહેસાણા સહકારી વ્યવસ્થાપન કેન્દ્રના પ્રિન્સપાલશ્રી અલ્પેશભાઈ રાવલે, ગુજરાત રાજ્ય સહકારી સંઘના પૂર્વ માહિતી અધિકારી શ્રી સી.જે.દવેએ કસ્ટમર રીલેશન મેનેજમેન્ટ વિશે જ્યારે ટેક્નોલોજી અને ક્રેડિટ સોસાયટીઓ અંગે અલકાબેન શાહ અને ભટનાગર ભાઈએ તથા ક્રેડિટ સોસાયટીમાં રિકવરી બાબતે પ્રકાશભાઈ જાદવે તજજ્ઞ તરીકે માર્ગદર્શન આપ્યું હતું.

ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશન લિ. અમદાવાદના રજતજયંતી ઉજવણી વર્ષ - 2023માં ઉત્સવ કમિટી દ્વારા રાષ્ટ્રીય - આંતરરાષ્ટ્રીય સહકારી આગેવાન, સહકારી કર્મવીર અને સહકાર શ્રેષ્ઠી તેમજ ફેડરેશનના સ્થાપક ચેરમેન શ્રી ઘનશ્યામભાઈ અમીને સહકારી ક્ષેત્રે આપલે દિર્ધકાલીન ઉત્કૃષ્ટ સેવાઓનું કાયમી સંભારણું બની રહે તેવાં શુભ આશયથી શ્રી ઘનશ્યામ અમીન સહકારી એવોર્ડ આપવાનું ઠરાવવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત રાજ્ય સહકારી સંઘ દ્વારા સંચાલિત 6 સહકારી વ્યવસ્થાપન કેન્દ્રોમાં ચાલતા ડિપ્લોમા ઈન કો - ઓપરેટિવ મેનેજમેન્ટ કોર્ષમાં અભ્યાસ કરતાં તાલીમાર્થીઓને પ્રોત્સાહિત કરવા શ્રી ઘનશ્યામ અમીન સહકાર એવોર્ડ એનાયત કરવો તેવું નક્કી કરવામાં આવ્યું હતું. તે મુજબ ચાલુ વર્ષે ડિપ્લોમા ઈન કો-ઓપરેટિવ મેનેજમેન્ટ કોર્ષના 54મા અને 55મા સત્રમાં પ્રથમ ક્રમાંક મેળવનાર નીચે મુજબના તાલીમાર્થીઓને શ્રી ઘનશ્યામભાઈ અમીનના વરદ હસ્તે શ્રી ઘનશ્યામ અમીન સહકાર એવોર્ડ જેમાં શિલ્ડ, પ્રમાણપત્ર અને રોકડ ઈનામ આપી સન્માનિત અને પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતા.

- શ્રી વીણાબહેન કુશલકુમાર ચંન્દ્રેશા - ગુજરાત સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, અમદાવાદ
- શ્રી ખૂશ્બુ અશોકભાઈ પટેલ - ગુજરાત સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, અમદાવાદ
- શ્રી નૈતિકભાઈ દિપકભાઈ ચૌધરી - દ. ગો. પટેલ સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, સુરત
- શ્રી ગીરીશભાઈ રાયસંગભાઈ વળવી - દ. ગો. પટેલ સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, સુરત
- શ્રી ઝીનલબેન પ્રકાશભાઈ પટેલ - ગુજરાત સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, મહેસાણા
- શ્રી સત્યાબહેન ગીરીશભાઈ પટેલ - ગુજરાત સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, મહેસાણા
- શ્રી અલ્કેશભાઈ નીલકંઠભાઈ કા.પ. - છોટાલાલ વ્યાસ સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, ખેડા
- શ્રી નરેશભાઈ ભૂરાભાઈ ગોહેલ - છોટાલાલ વ્યાસ સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, ખેડા
- શ્રી ભાવેશભાઈ દિલીપભાઈ માલવિયા - વૈકુંઠભાઈ મહેતા સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, ભાવનગર
- શ્રી પ્રકાશભાઈ ડાયાભાઈ ડભોયા - વૈકુંઠભાઈ મહેતા સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, ભાવનગર
- શ્રી ધ્રુવકુમાર નિલેશભાઈ મહેતા - ગુજરાત સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, રાજકોટ
- શ્રી ઉર્વીબહેન ભાવિનકુમાર શાસ્ત્રી - ગુજરાત સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, રાજકોટ

ફેડરેશનના ચીફ એક્ઝિકયુટિવ ઓફિસર શ્રી દુષ્યંતસિંહ સી.વાઘેલાએ ગત વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહી વંચાણે લઈ વાર્ષિક હિસાબો રજુ કરતાં સૌ સભાસદોએ મંજૂર કર્યા હતાં. સભામાં ફેડરેશનના ચેરમેનશ્રી ઘનશ્યામભાઈ એચ.અમીન ગુજરાત રાજ્ય સહકારી સંઘમાં સતત 12મી ટર્મ માટે ચૂંટાવા બદલ અને દેશની સેકન્ડ લાર્જેસ્ટ કોસમોસ કો-ઓપરેટિવ બેંકમાં ડિરેક્ટર તરીકે ચૂંટાઈ આવવા બદલ ફેડરેશનના વાઈસ ચેરમેનશ્રી ડૉ. જીવરાજભાઈ ગોધાણી અને ફેડરેશનના બોર્ડના સભ્યો દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું. આ સેમિનાર અને સાધારણ સભામાં સ્વાગત પ્રવચન ફેડરેશનના વાઈસ ચેરમેનશ્રી ડૉ. જીવરાજભાઈ ગોધાણીએ તથા આભારવિધિ ફેડરેશનના ડિરેક્ટર્સ શ્રી ગોપાલભાઈ ધાનકાએ કરી હતી. સંચાલન મહેસાણા સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, મહેસાણાના પ્રિન્સપાલશ્રી અલ્પેશભાઈ રાવલ અને રાજ્ય સહકારી સંઘના પૂર્વ માહિતી અધિકારી શ્રી સી.જે.દવે કર્યું હતું. બહોળી સંખ્યામાં સભાસદો હાજર રહ્યાં હતા.

ગુજરાતની પેક્સને આર્થિક..... પાના નંબર : 2નું અનુસંધાન

| | | |
|---|---|---|
| સબ સેકટર | : | (ક) કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ |
| મુખ્ય સદર | : | 2425 સહકાર |
| ગૌણ સદર | : | (107) ધિરાણ સહકારી મંડળીઓને સહાય |
| પેટા સદર | : | (38) પ્રાથમિક ખેતી વિષયક ધિરાણ સહકારી મંડળીઓને આર્થિક પ્રોત્સાહન સ્વરૂપે ઈનામ આપવા બાબત |
| વિગતવાર સદર | : | 00 |
| હેતુ સદર | : | 3355 (ગ) અન્યને |

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની નોંધ-82 પર મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રાજેન્દ્રસિંહ સોઢા)
સેક્શન અધિકારી
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

સહકારથી સમૃદ્ધિના..... પાના નંબર : 4નું અનુસંધાન

તેની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. ચેરમેનશ્રી દિલીપભાઈ સંઘાણીએ ગુજકોમાસોલની માહિતી આપતાં જણાવ્યું હતું કે, ગુજકોમાસોલનું ટર્નઓવર 2017માં 2,239 કરોડ રૂપિયાથી વધીને 2024-25 માં 10,275 કરોડ રૂપિયા થઈ ગયું છે. એક સમયે 5-8 કરોડનો ચોખ્ખો નફો વધીને 76 કરોડ થઈ ગયો છે અને માત્ર આવકવેરાની ચૂકવણી જ વાર્ષિક 14 કરોડને પાર કરી ગઈ છે. ખાતરનું વેચાણ લગભગ 2,000 કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું છે, પ્રમાણિત બિયારણનું વેચાણ છ ગણું વધીને 158 કરોડ રૂપિયા થઈ ગયું છે અને એમએસપીની ખરીદી 2024-25 માં લગભગ 7,400 કરોડ રૂપિયાના મૂલ્યના 9.22 લાખ મેટ્રિક ટન સુધી પહોંચી ગઈ છે. તેમણે 'એક જિલ્લો, એક પાક' પહેલ હેઠળ દરેક જિલ્લામાં પ્રોસેસિંગ એકમો સ્થાપવાની યોજનાની પણ જાહેરાત કરી હતી.

તાજેતરના વર્ષોમાં, ગુજકોમાસોલ (GUJCOMASOL) એ મૂલ્ય સંવર્ધન અને ઓર્ગેનિક ઉત્પાદનોમાં વૈવિધ્યીકરણ કર્યું છે, તેના 'વૈવિધ્યકરણ અને મૂલ્ય સંવર્ધન' વિભાગને માત્ર 2.19 કરોડ રૂપિયાના ટર્નઓવરથી વધારીને લગભગ 50 કરોડ રૂપિયા કરી દીધો છે. ભરૂચમાં કેળાના રેસાનું નિષ્કર્ષણ, કચ્છ અને જૂનાગઢમાં કેરી અને દાડમની પ્રક્રિયા અને અમરેલીમાં એક ઓઇલ મિલ જેવી યોજનાઓ ખેડૂતો માટે આવકના નવા પ્રવાહો સર્જી રહી છે અને 'કચરાને સંપત્તિમાં' ફેરવી રહી છે. મહેસાણામાં આગામી ઈન્ટિગ્રેટેડ એગ્રી-લોજિસ્ટિક્સ પાર્ક અને 'ગુજકો' બ્રાન્ડની શરૂઆત તેના આધુનિક, ખેડૂત-કેન્દ્રિત દૃષ્ટિકોણને વધુ રેખાંકિત કરે છે.

ગુજરાત રાજ્ય સહકારી સંઘના અધ્યક્ષ ઘનશ્યામભાઈ અમીને જણાવ્યું હતું કે, ૧૯૬૦માં બૃહદ મુંબઈમાંથી ગુજરાત રાજ્ય જુદું પડતા રાજ્યની એપેક્ષ લેવલની પાંચ સંસ્થાઓની સ્થાપના થયેલી. જેમાં ગુજરાત રાજ્ય સહકારી સંઘ, ગુજરાત સ્ટેટ કો - ઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન (ગુજકોમાસોલ), ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ બેંક, ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ એગ્રિકલ્ચરલ એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેન્ક લિ. (ખેતી બેન્ક) અને ગુજરાત હાઉસિંગ ફાઈનાન્સ કોર્પોરેશન, આ પાંચેય સંસ્થાઓનું ગુજરાત રાજ્યના સહકારી ક્ષેત્રે મહત્વનું પ્રદાન રહેલ છે. તેમાંય ગુજકોમાસોલ આજે એક વટવૃક્ષ બની રાજ્યની ટોચની માર્કેટિંગ સંસ્થા તરીકે ઉભરી આવેલ છે. શ્રી દિલીપભાઈએ આ સંસ્થાનો વહીવટ સંભાળ્યો ત્યારથી આ સંસ્થાએ અનેક આયામો સર કર્યા છે. ગાંધીનગર ખાતે ઊભું કરેલ કોર્પોરેટ હાઉસ જેવું સંસ્થાનું મકાન રાષ્ટ્રની બીજી સહકારી સંસ્થાઓ માટે પ્રેરણારૂપ બની રહેલ છે અને રાજ્ય, રાષ્ટ્ર અને દેશ વિદેશ માંથી અનેક પ્રતિનિધિ મંડળ આ સંસ્થાની મુલાકાત લે છે તે ગૌરવ સમાન છે.

શ્રી અમીને વધુમાં જણાવ્યું હતું કે, અગાઉ ગુજકોમાસોલ ખાતર, બિયારણ અને અનાજ જેવા પ્રણાલિગત વેપાર ધંધા કરતું હતું, તેનાથી વિશેષમાં શ્રી દિલીપભાઈએ ગુજકોમાસોલની ધંધાકીય પ્રવૃત્તિ અનેક ગણી વિકસાવેલ છે. ડાયવર્ગીફિકેશ અને વેલ્યુએડીશન વિભાગ ઊભો કરી ઓર્ગેનિંગ પ્રોડકટનું વેચાણ, સરકારશ્રીની યોજનાઓનો અમલ, ટેકાના ભાવની ખરીદી કરી ખેડૂતોને પુરતા ભાવો અપાવવા, પશુ આહારનું વેચાણ, કેળના થડમાંથી ભરૂચ ખાતે ફાઈબર બનાવવાનો પ્લાન્ટ અને ૨૫૦ જેવા ગુજકો મેગામાર્ટ શરૂ કરવાના અભિયાન થકી પાંચ જેવા ગુજકોમાર્ટ ઊભા કર્યા છે. સાથે સાથે મહેસાણા ખાતે ઈન્ટીગ્રેટેડ લોજેસ્ટીક પાર્ક ઊભું કરવામાં આવી રહ્યું છે જેના થકી ખેડૂતો અને ગ્રાહકો વચ્ચેની સાંકળરૂપ બનવાનો ગુજકોમાસોલનો પ્રયત્ન ખરેખર પ્રસંશાનીય છે.

ડેપ્યુટી સ્પીકરશ્રી જેઠાભાઈ ભારવાડ, વાઈસ ચેરમેન બિપીનભાઈ પટેલ અને અન્ય નેતાઓએ ગુજરાતના સહકારી મોડલને મજબૂત કરવા અને કોર્પોરેટ સ્તરના વ્યવસ્થાપન ધોરણો સાથે સંરેખિત કરવામાં ગુજકોમાસોલના યોગદાનને બિરદાવ્યું હતું. સહકારી અગ્રણી ત્રિભુવનદાસ પટેલ દ્વારા 1960માં સ્થાપના કરવામાં આવી ત્યારથી તેની સફરને પ્રતિબિંબિત કરીને, ગુજકોમાસોલ આજે ગુજરાતના અગ્રણી સહકારી માર્કેટિંગ ફેડરેશન તરીકે ઉભરી આવ્યું છે, જે સાબિત કરે છે કે દ્રષ્ટિ, નવીનતા અને સહકારથી ખેડૂતોની સમૃદ્ધિ મોટા પાયે સુનિશ્ચિત કરી શકાય છે.

NAFCUBની 49ની સાધારણ સભા સંપન્ન

# RBIના નિર્ણયને બિરદાવી UCBને સહકારી ચળવળને મજબૂત કરવા અપીલ કરતાં ડૉ. એચ.કે. પાટિલ

નવી દિલ્હી : NAFCUB ની 49મી વાર્ષિક સામાન્ય સભાને સંબોધતા, ચેરમેન એમેરિટસ ડૉ. એચ.કે.પાટિલે શહેરી સહકારી બેંકિંગ ક્ષેત્રમાં એકતા, આધુનિકીકરણ અને વ્યાવસાયીકરણની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે 2025ને સહકારી સંસ્થાઓ માટે નોંધપાત્ર વર્ષ ગણાવ્યું હતું. કારણ કે, સંયુક્ત રાષ્ટ્ર સંઘે તેને 'સહકારી સંસ્થાઓ વધુ સારા વિશ્વનું નિર્માણ કરે છે' ની થીમ હેઠળ આંતરરાષ્ટ્રીય સહકારી સંસ્થાઓ વર્ષ (IYC) જાહેર કર્યું છે.

ડૉ. પાટિલે જાહેરાત કરી હતી કે, NAFCUB 8-9 નવેમ્બરના રોજ નવી દિલ્હીમાં શહેરી સહકારી ધિરાણ ક્ષેત્રની આંતરરાષ્ટ્રીય પરિષદ-'સહકાર કુંભ 2025' નું આયોજન કરશે, જેમાં ગરીબી ઘટાડા, રોજગાર સર્જન અને સામાજિક એકીકરણમાં ધિરાણ સહકારી મંડળીઓની ભૂમિકા પર પ્રકાશ પાડવામાં આવશે. તેમણે તમામ સભ્ય સંસ્થાઓને મોટી સંખ્યામાં ભાગ લેવા અને આ કાર્યક્રમને ઐતિહાસિક સીમાચિહ્નરૂપ બનાવવા અપીલ કરી હતી.

ડૉ. એચ.કે.પાટિલે સભાને સંબોધતા જણાવ્યું હતું કે, ' નવી સહકારી નીતિથી લઈને સહકારી યુનિવર્સિટીની સ્થાપના સુધી, એમએસસીએસ કાયદામાં સકારાત્મક સુધારા અને અન્ય ઘણા વિકાસ સાથે અમે છેલ્લા ચાર વર્ષમાં સહકારી ક્ષેત્રમાં અભૂતપૂર્વ ફેરફારો જોયા છે'. રાષ્ટ્રીય સહકારી નીતિ - 2025ને આવકારી તેને સહકારી ચળવળની ઓળખને મજબૂત કરવા માટે સીમાચિહ્ન ગણાવતાં કહ્યું કે, આ નીતિ સહકારી બેંકોને સરકારી વ્યવસાયનું સંચાલન કરવા, તેમની કામગીરીની તાકાત વધારવા અને મુખ્ય પ્રવાહની બેંકિંગ ઈકોસિસ્ટમ સાથે વધુ સારી રીતે સંકલિત કરવામાં સક્ષમ બનાવશે. જ્યારે સહકારી યુનિવર્સિટીની આ ક્ષેત્રને વ્યાવસાયિક બનાવશે અને કૌશલ્ય અને રોજગારીની તકો પ્રદાન કરીને યુવાનો અને મહિલાઓને આકર્ષિત કરશે.




વધુમાં ડૉ. પાટિલે જણાવ્યું હતું કે, નિયમનકાર હવે તેમને ભારતની વિકાસગાથામાં ભાગીદાર તરીકે જુએ છે અને સહાનુભૂતિ સાથે સંકળાયેલા છે. યુસીબીએ આધુનિક ટેક્નોલોજીને અપનાવવીને વહીવટી ધોરણોમાં વધારો કરવો જોઈએ અને સામાન્ય લોકો માટે 'પસંદગીની પડોશી બેંકો' બની રહેવા માટે પોતાની પહોંચનો વિસ્તાર કરવો જોઈએ.

યુવાનોની ભાગીદારી વધારવા, શાખા વિસ્તરણ અને ટેકનોલોજી અપગ્રેડેશનની જરૂરિયાત પર ભાર મૂકતા ડૉ. પાટિલે જણાવ્યું હતું કે, યુસીબીને એમએસએમઈ, પ્રાથમિક ક્ષેત્રો અને સમાજના મહત્વાકાંક્ષી વર્ગોની ધિરાણ જરૂરિયાતો પૂરી કરવામાં મદદ કરવી જોઈએ.

# દેશમાં છેલ્લાં 7 વર્ષમાં મહિલા રોજગાર દર બમણો વધી 40.3% નોંધાયોઃ શ્રમ મંત્રાલય

નવી દિલ્હી : શ્રમ મંત્રાલયે આ જાણકારી આપી હતી કે, દેશમાં મહિલા સશક્તીકરણ વધી રહ્યું છે. છેલ્લા સાત વર્ષમાં મહિલા રોજગાર દર વધીને બમણો થયો છે. વર્ષ 2017-18માં 22%નો રોજગાર દર વર્ષ 2023-24માં વધીને 40.3% નોંધાયો છે. બીજી તરફ બેરોજગારી દર પણ 5.6%થી ઘટીને 3.2% થયો છે. વર્ષ 2047 સુધીમાં વિકસિત ભારતનું લક્ષ્ય હાંસલ કરવા માટે જરૂરી એવા સ્તંભોમાંથી એક દેશના વર્કફોર્સમાં 70% મહિલાઓની ભાગીદારી સુનિશ્ચિત કરવાનો છે. મંત્રાલય અનુસાર ભારત મહિલા વર્કફોર્સમાં વૃદ્ધિમાં નોંધપાત્ર સાક્ષી છે.

**મહિલા ઉદ્યોગ સાહસિકતા માટે 70 યોજનાઓ સક્રિય :**

મહિલા ઉદ્યોગસાહસિકતાને વેગ આપવા માટે કેન્દ્ર સરકારના પ્રયાસો પણ મહત્ત્વનું યોગદાન આપી રહ્યા છે. કેન્દ્રિય સ્તરે 15 મંત્રાલયોની 70 જેટલી યોજનાઓ તેમજ રાજ્યોના સ્તરે 400 યોજનાઓ સક્રિય છે. જે મહિલા ઉદ્યોગસાહિસકતાને વેગ આપી રહી છે.મહિલા સ્વરોજગારનો દર પણ વર્ષ 2017-18ના 51.9%થી 30% વધી વર્ષ 2023-24માં 67.4% થયો છે.

# ગાંધીનગર તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘનો રજત જયંતી મહોત્સવ યોજાયો

ગાંધીનગર : ગાંધીનગર તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘનો રજત જયંતી મહોત્સવ તા. 25/08/2025ના રોજ ગાંધીનગરમાં ટાઉનહોલ ખાતે ગાંધીનગર જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘના ચેરમેન તેમજ અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેન્ક, ગાંધીનગર, જિલ્લા સહકારી સંઘ, ગુજરાત રાજ્ય સહકારી સંઘના ડિરેકટર તેમજ ગાંધીનગર જિલ્લા ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટીના ચેરમેન શ્રી લાલભાઈ પટેલના પ્રમુખ સ્થાને યોજવામાં આવેલ.

આ કાર્યક્રમનું ઉદઘાટન ઈફકો, નેશનલ કો-ઓપરેટિવ યુનિયન ઓફ ઈન્ડિયા - ન્યૂ દિલ્હી, તેમજ ગુજકોમાસોલ - ગાંધીનગરના ચેરમેન શ્રી દિલીપભાઈ સંઘાણીના હસ્તે કરવામાં આવેલ, આ કાર્યક્રમની શરૂઆતમાં સ્વાગત પ્રવચન કરતા ગાંધીનગર જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘના ચેરમેન શ્રી લાલભાઈ પટેલે જણાવેલ કે, ગાંધીનગર તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ દ્વારા ખેડૂતોને વ્યાજબી ભાવે અને સમયસર ખાતરો, બિયારણો અને જંતુનાશક દવાઓ પૂરા પાડવામાં આવે છે. જેથી ખેડૂતોનો આર્થિક વિકાસ થયો છે. ગાંધીનગર તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ 25 વર્ષથી સફળ કામગીરી કરી રહેલ છે તેમાં તેની સાથે સંકળાયેલ સહકારી મંડળીઓનો મહત્વપૂર્ણ સહકાર રહ્યો છે.

આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત ગુજરાત પ્રદેશ સહકારિતા સેલ અધ્યક્ષ તેમજ ગુજકોમાસોલ ગાંધીનગરના વાઈસ ચેરમેન શ્રી બિપિનભાઈ પટેલે સહકાર મંત્રાલય દ્વારા આણંદ મુકામે સ્થાપવામાં આવેલ ત્રિભોવન સહકાર યુનિવર્સિટીની માહિતી આપતા જણાવ્યું કે, આ યુનિવર્સિટી દ્વારા સહકારના જુદા જુદા વિષયો ઉપર ડિપ્લોમા, ગ્રેજ્યુએશન અને પોસ્ટ ગ્રેજ્યુએશનના કોર્ષ ચલાવવામાં આવશે તેથી નવી રોજગારીનું સર્જન થશે, અને સહકારી ક્ષેત્રને નિષ્ણાત કર્મચારીઓ મળશે તેમજ સહકારી ક્ષેત્રે આદર્શ નેતૃત્વ પૂરું પાડી સહકારી ક્ષેત્રને નવી દિશા આપનાર આદર્શ નેતાઓ પણ મળેશે.




કાર્યક્રમમાં ઉપસ્થિત કૃભકો, નાફેડ, એન.સી.સી.એફ. - ન્યૂ દિલ્હીના ડિરેક્ટરશ્રી પરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, નાની એવી સહકારી મંડળીનો પ્રતિનિધિ સંસ્થાઓને આગળ લાવવાની ધગશ, પ્રમાણિકતા, સંસ્થા પ્રત્યેની વફાદારી જેવા મૂલ્યો દ્વારા સભાસદોનો વિશ્વાસ મેળવી તે જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય લેવલે પોતાનુ સ્થાન ઊભું કરી શકે છે.

આ કાર્યક્રમના ઉદઘાટક ઈફકો, એન.સી.યુ.આઈ. ન્યૂ દિલ્હી અને ગુજકોમાસોલ ગાંધીનગરના ચેરમેન શ્રી દિલીપભાઈ સંઘાણીએ કહ્યું કે, સહકાર મંત્રાલય દ્વારા પ્રમાણિત બિયારણ અને જૈવિક ઉત્પાદનો માટે ત્રણ નવી મલ્ટી સ્ટેટ સહકારી મંડળીઓની રચના કરવામાં આવેલ છે જેના દ્વારા ખેડૂતોના ઉત્પાદનોની નિકાસમાં સરળતા રહેશે. ખેડૂતોને સુધારેલા બિયારણો મળશે અને ઓર્ગેનિક પેદાશોનું ઉત્પાદન વધશે અને સરવાળે ખેડૂતોના નફામાં વધારો થશે.

આ કાર્યક્રમમાં તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ દ્વારા તૈયાર કરવામાં આવેલ સોવેનિયર અંકનું વિમોચન આમંત્રિત મહેમાનોના હસ્તે કરવામાં આવ્યું હતું. તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ દ્વારા સેવા સહકારી મંડળીમાં સતત 35 થી 40 વર્ષ સુધી ચેરમેન પદ ધરાવતા ચેરમેનશ્રીઓનું પણ મોમેન્ટો અને શાલ ઓઢાડી સન્માન કરવામા આવેલ.

અનુસંધાન પાના નંબર : 2

વર્ષ 2001થી દૂધ ઉત્પાદનમાં 5 ગણો વધારો

# ગુજરાત દરરોજ 250 લાખ લિટર દૂધ એકત્ર કરે છે : શ્રી અમિતભાઈ શાહ

નવી દિલ્હી : કેન્દ્રીય સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ શાહે લોકસભામાં જણાવ્યું કે, ગુજરાતમાં દૂધની ખરીદી 2001-02ના 50 લાખ લિટર પ્રતિદિવસથી વધીને 2024- 25માં 5 ગણી વધીને 250 લાખ લિટર પ્રતિદિવસ થઈ ગઈ છે. તેમણે કહ્યું કે ડેરી ખેડૂતોની આવકમાં નોંધનીય સુધારો થયો છે અને ગત 15 વર્ષમાં દૂધના ભાવોમાં 140%ની વૃદ્ધિ થઈ છે.

સરેરાશ દૂધ ખરીદી મૂલ્ય રૂ.400 પ્રતિ કિલોગ્રામ ફેટથી વધીને રૂ. 950 પ્રતિ કિલોગ્રામ ફેટ સુધી પહોંચી ગયું છે. તેનાથી દૂધ સંઘોને કોલ્ડ સ્ટોરેજ ક્ષમતા અને ખરીદી ક્ષમતા વધારવામાં મદદ મળી છે.

ગત 7 વર્ષમાં એનપીડીડી હેઠળ ગુજરાતને રૂ. 315 કરોડનું અનુદાન મળ્યું છે, જેનાથી 2,052 બલ્ક મિલ્ક કૂલર, 4,309 ઓટોમેટિક મિલ્ક સ્ટોરેજ સિસ્ટમ અને 1,000 ભેળસેળ તપાસ મશીનો સ્થાપિત કરાયા છે. વર્તમાનમાં અમૂલના નેતૃત્વમાં 18 જિલ્લા સંઘ અને 36 લાખથી વધુ સદસ્યો સહકારી નેટવર્ક સાથે જોડાયેલા છે. અમૂલ પ્રતિદિન રાજ્યમાંથી આશરે 250 લાખ લિટર દૂધ ખરીદે છે, જેનાથી ગુજરાત અગ્રણી દૂધ ઉત્પાદક રાજ્ય બન્યું છે.



**દૂધના ભાવમાં 15 વર્ષમાં 140 ટકાનો વધારો થયો**

# સહકારથી સમૃદ્ધિના ધ્યેયને ચરિતાર્થ કરવામાં ગુજરાતની સહકારી સંસ્થાઓ દેશમાં ઉદાહરણરૂપ : શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

ગુજકોમાસોલે નવી ઊંચાઈઓ સર કરી, નફો વધ્યો, ટર્નઓવર 10,000 કરોડને પાર






ગાંધીનગર : ગુજરાત રાજ્ય સહકારી માર્કેટિંગ ફેડરેશન (ગુજકોમાસોલ) એ 2024-25 માં 10,000 કરોડ રૂપિયાથી વધુનું વાર્ષિક ટર્નઓવર નોંધાવીને નવી ઊંચાઈઓ હાંસલ કરી છે, જેમાં નફો અને ડિવિડન્ડ અભૂતપૂર્વ વૃદ્ધિ દર્શાવે છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની હાજરીમાં શુક્રવારે ગાંધીનગરમાં ગુજકોમાસોલની 64મી વાર્ષિક સામાન્ય સભા યોજવામાં આવી હતી.

આ બેઠકમાં કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ, ગુજરાત વિધાનસભાના ડેપ્યુટી સ્પીકર જેઠાભાઈ ભરવાડ, ગુજકોમાસોલના ચેરમેનશ્રી દિલીપભાઈ સંઘાણી, રાજ્યસભાના સાંસદશ્રી નરહરીભાઈ અમીન, ગુજરાત રાજ્ય સહકારી સંઘના અધ્યક્ષશ્રી ઘનશ્યામભાઈ અમીન, ગુજકોમાસોલના વાઈસ ચેરમેન શ્રી બિપિન પટેલ, ગાંધીનગરના મેયરશ્રી મીરાબેન પટેલ, ડાયરેકટરશ્રી જયેશભાઈ રાદડિયા, ધારાસભ્યશ્રી ઋતાબેન પટેલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી આશિષ દવે અને અન્ય સહકારી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઉપસ્થિત લોકોને સંબોધતા ખાતર, બિયારણ અને જંતુનાશકોનો સમયસર પુરવઠો સુનિશ્ચિત કરીને ખેડૂતો માટે સિંગલ વિન્ડો સોલ્યુશન બનવા બદલ અને 'વોકલ ફોર લોકલ, લોકલ ફોર ગ્લોબલ' મિશન હેઠળ ખેડૂતોની પેદાશોને પ્રોત્સાહન આપવા બદલ ગુજકોમાસોલની પ્રશંસા કરી હતી. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં સહકારિતા મંત્રાલયની સ્થાપનાએ સહકારી ક્ષેત્રને નવી ગતિ આપી છે, જે ગુજરાતના સહકારિતા મોડલને દેશ માટે આદર્શ બનાવે છે અને સહકારથી સમૃધ્ધિનો ધ્યેય સાકાર થઈ રહ્યો છે. આ ધ્યેયને ચરિતાર્થ કરવામાં ગુજરાતની સહકારી સંસ્થાઓએ સહકાર ક્રાંતિથી દેશભરમાં ઉદાહરણ કામ કર્યું છે.

કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ માત્ર કૃષિ-ઈનપુટ વિતરણમાં જ નહીં પરંતુ એમએસપીની ખરીદીમાં પણ ગુજકોમાસોલની ભૂમિકાની પ્રશંસા કરી હતી અને ભારપૂર્વક જણાવ્યું હતું કે, તેની લગભગ 20% ડિવિડન્ડ ચૂકવણી 'સહકાર દ્વારા સમૃદ્ધિ' માટે

અનુસંધાન પાના નંબર : 3

# ગુજરાતે સહકારી ક્ષેત્ર માટે ઓડિટ ફીમાં મોટા સુધારા કરવાની દરખાસ્ત કરી

ગાંધીનગર : ગુજરાત સરકારે રાજ્યભરની સહકારી સંસ્થાઓ માટે ઓડિટ ફીના માળખામાં વ્યાપક સુધારાની દરખાસ્ત કરી છે. ગુજરાત કો-ઓપરેટિવ સોસાયટીઝ એક્ટ, 1961ની કલમ 168 હેઠળ બહાર પાડવામાં આવેલા ડ્રાફ્ટ નોટિફિકેશનમાં ગુજરાત કો-ઓપરેટિવ સોસાયટીઝ રૂલ્સ, 1965માં સુધારો કરવાની માંગ કરવામાં આવી છે, જેમાં દાયકાઓ જૂના માળખાને બદલીને ઓડિટ ફીનું નવું શિડ્યૂલ-એ રજૂ કરવામાં આવ્યું છે. પ્રસ્થાપિત નિયમો હેઠળ, પ્રાથમિક સહકારી ધિરાણ મંડળીઓ, બહુહેતુક મંડળીઓ, કૃષિ ધિરાણ મંડળીઓ અને ખેડૂત સેવા મંડળીઓ (પીએસીએસ, એલએએમપીએસ) તેમની વાર્ષિક ટ્રાયલ બેલેન્સશીટના કદના આધારે ઓડિટ ફી તરીકે 2,500 થી 30,000 રૂપિયા ચૂકવશે.

શહેરી સહકારી બેંકો માટે, સ્લેબ 40,000 રૂપિયાથી શરૂ થશે અને 3 લાખ રૂપિયા સુધી જશે, જે એડવાન્સિસના જથ્થા સાથે જોડાયેલ છે. અર્બન ક્રેડિટ કો-ઓપરેટિવ્સ, સેલરી અર્નર્સ સોસાયટીઝ અને ફેક્ટરી વર્કર્સ સોસાયટીઝને ઓપરેશનલ સ્કેલના આધારે 2,500 થી 2 લાખ રૂપિયા સુધીની ઓડિટ ફીનો સામનો કરવો પડશે.

ડ્રાફ્ટમાં મોટી સહકારી સંસ્થાઓ માટે ટર્નઓવર આધારિત ઓડિટ ફી પણ સૂચવવામાં આવી છે. ઉદાહરણ તરીકે, જિલ્લા સહકારી દૂધ સંઘો 60,000 થી 20 લાખ રૂપિયા ચૂકવશે, જ્યારે ગુજરાત રાજ્ય સહકારી દૂધ માર્કેટિંગ ફેડરેશન (જીસીએમએમએફ-અમૂલ) એ 20 લાખ રૂપિયા અથવા વાસ્તવિક વહીવટી ખર્ચ, જે પણ વધારે હોય તે ચૂકવવો પડશે.

હાઉસિંગ કો-ઓપરેટિવમાં સભ્ય દીઠ 50 રૂપિયા, નગર પાલિકા વિસ્તારમાં 100 રૂપિયા અને મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં 150 રૂપિયા લઘુત્તમ અને મહત્તમ મર્યાદાને આધીન રહેશે.

તેવી જ રીતે, ગુજરાત રાજ્ય સહકારી જમીન વિકાસ બેંક તેની કાર્યકારી મૂડીના આધારે 2 લાખથી 15 લાખ રૂપિયા સુધીની ફી ચૂકવશે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં સંકળાયેલા જિલ્લા અને રાજ્ય સહકારી સંગઠનો માટે, શિક્ષણ યોગદાન ભંડોળમાંથી આવકના સ્લેબ પર ફી નક્કી કરવામાં આવી છે, જે નાના સંગઠનો માટે 10,000 રૂપિયાથી શરૂ થાય છે અને મોટા રાજ્ય સ્તરની સંસ્થાઓ માટે 2 લાખ રૂપિયા સુધી જાય છે. નવા નોંધાયેલા સંગઠનોને પ્રથમ પાંચ વર્ષ માટે ઓડિટ ફીમાંથી મુક્તિ આપવામાં આવશે.

ડ્રાફ્ટમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે જિલ્લા સહકારી બેંકો, રાજ્ય સહકારી બેંકો અને ધિરાણ વ્યવસાય કરતી અન્ય કેન્દ્રીય સહકારી મંડળીઓનું નાબાર્ડની મંજૂર પેનલ પર સીએ કંપનીઓ દ્વારા ઓડિટ કરવામાં આવે છે, જેમાં ફીની સીધી વાટાઘાટો કરવામાં આવે છે, તેથી તેમના માટે કોઈ નવી જોગવાઈની જરૂર નથી.

એપીએમસી, મત્સ્યોદ્યોગ સહકારી મંડળીઓ, ગ્રાહક મંડળીઓ, મજૂર સહકારી મંડળીઓ અને કૃષિ મંડળીઓ સહિત અન્ય શ્રેણીઓ માટે પણ નવા સ્લેબની દરખાસ્ત કરવામાં આવી છે. અમુક છૂટછાટ આપી છે, જેમ કે નવા નોંધાયેલા સંગઠનો (પાંચ વર્ષ) અને પસંદગીની કૃષિ મંડળીઓ (ત્રણ વર્ષ) સરકારે જાહેરનામાને અંતિમ સ્વરૂપ આપતા પહેલા 30 દિવસની અંદર હિતધારકો પાસેથી સૂચનો અને વાંધાઓ મંગાવ્યા છે. એકવાર મંજૂર થયા પછી, નવી ઓડિટ ફી માળખું સત્તાવાર ગેઝેટમાં તેના પ્રકાશન પછી તરત જ અમલમાં આવશે. સરકારના નાયબ સચિવ કુલદીપ મકવાણા દ્વારા રાજ્યપાલના નામે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

Publisher, Printer & Editor : Dr. Rajendra C. Trivedi, Owner : Gujarat State Cooperative Union, 'SAHYOG', Relief Road, Ahmedabad-380001 Published From : Gujarat State Cooperative Union, 'SAHYOG', Relief Road, Ahmedabad-380001 Printed at : Bhaskar Printing Press, Survey No. 148-P, Near Naagdevta Temple, Changodar-Bavla Highway, Ta. Sanand, Dist. Ahmedabad, Gujarat.
SAHAKAR GUJARATI FORT-NIGHTLY RNI NO. 1850/57 Regd under postal Regn. No. GAMC-105/2024-2026 valid upto 31-12-2026 issued by the SSPO's, Ahmedabad city on permitted to post at and PSO on 5th and 20th of every month. License to post without prepayment of postage No. PMG/NG/026/2024-2026 Published on 20-09-2025